**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૪૭૧૨૩૦,૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો C/o ડૉ.બી.જે.જાગાણી, ૨૪—નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઈવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

You can know about Shree Mahatmaji & Shree Maa from Website 'SWARGAROHAN.ORG'

# ✿ અનુક્રમણિકા ✿


| | | |
|---|---|---|
| પ્રેમભરી સદ્ભાવભરી પ્રશંસનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| બધું ભગવાનને અર્પણ કરો | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૮ |
| મહાત્મા યોગેશ્વરજીની સંક્ષિપ્ત જીવનકથા | ડો. અરૂણિકા દરૂ | ૧૨ |
| પૂ. માને રક્ષાબંધનનું સંસ્મરણ | ડો. ગંભીરભાઈ પટેલ | ૧૭ |
| બોજો ફેંકી દો | કુન્દનીકા કાપડીયા | ૧૯ |
| અનોખી ઘટના | નારાયણ હ. જાની | ૨૨ |
| ગોકુળ આવો તો ભેળા થઈએ | મુકુન્દ પારાશર્ય | ૨૫ |
| Pujya Maa's Darshan July 2001 | Pratik Smart | 26 |
| પૂ. માનું દર્શન | તંત્રી | ૩૦ |
| 'હું રમણાશ્રમ નથી જઈ શક્યો' ગાંધીજી | સૂરી નગમ્મા | ૩૧ |
| જન્મદીનનિમિત્તે પૂ. માને શું અર્પણ કરી શકીએ? | નારાયણ હ. જાની | ૩૭ |
| પ્રાર્થનાનો ચમત્કાર | ધૂનિ માંડલીયા | ૪૨ |
| પ.પૂ. શ્રી સર્વેશ્વરીની પનામા—યાત્રા | મા સર્વેશ્વરી | ૪૫ |
| Vanparva–2007 | Nithi Bhatt | 49 |
| સુસંવાદિતા | ડો. પ્રકાશ ગજ્જર | ૫૩ |
| સ્વર્ગારોહણના આંગણે સેવાઓ | રાજુભાઈ જાની | ૫૪ |
| પૂ. શ્રીના જન્મદિનની ઉજવણી | રાજુભાઈ જાની | ૫૬ |
| પ્રશ્નોત્તરી | યોગેશ્વરજી | ૫૯ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

# પ્રેમભરી સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય

**મૌન રહી દર વર્ષે દરીદ્રનારાયણને યાદ કરી, સ્વર્ગારોહણ આવીને સત્કર્મ કરતાં રહો છો.**

**શ્રદ્ધા ભક્તિથી સેવાની જ્યોતને સંકોરતાં સંકોરતાં અધ્યાત્મ માસિકને પણ યાદ કરતાં રહો છો.**

**એવાં હે શાન્તાબહેન તથા શ્રીરમેશભાઈ આપને અભિનંદન.**

**આ અંક તેઓના પરિશ્રમના પ્રસાદરૂપે પ્રકાશિત થઈ રહ્યો છે. તે બદલ આભાર.**

**—મા સર્વેશ્વરી**



# બધું ભગવાનને અર્પણ કરો

**યોગેશ્વરજી**

ભગવાન કહે છે કે,‘જે પ્રેમ કરીને મને પત્ર પુષ્પ, ફળ કે પાણી અર્પણ કરે છે તેની અર્પણ કરેલી વસ્તુને હું સ્વીકારું છું ને આરોગું છું.’ એટલે કે ભગવાનનાં ચરણમાં પ્રેમપૂર્વક ધરેલી બધી વસ્તુ ભગવાનને પહોંચી જાય છે. ભગવાન ભક્તની અર્પણ કરેલી વસ્તુ તેના દેખતા આરોગે છે પણ ખરા, ફક્ત તે માટે ભક્તના દિલમાં ભાવ હોવો જોઈએ. નામદેવ બાળક હતા, છતાં તેમના દિલમાં ભગવાનને દૂધ પાવાની તાલાવેલી લાગી ગઈ, તો ભગવાને તેમની સામે સાક્ષાત્ થઈને દૂધ પીધું. એવી તાલાવેલી કોના દીલમાં છે ? આજે તો માણસો કોઈ રોજિંદું કામ કરતાં હોય તેમ ભગવાનને પ્રસાદ ધરે છે. ભગવાન તેમના પ્રસાદની ફક્ત સુવાસ લે છે એથી તેમને સંતોષ લાગે છે. જો પ્રકટ થઈને કે પ્રકટ થયા વિના, ભગવાન બધો પ્રસાદ આરોગી જતા હોય, તો વધારે ભાગના ભક્તો બીજીવાર પ્રસાદ કરતાં પહેલાં વિચાર કરત. માણસ જો ભાવવિભોર બની જાય, ને પોતાનો પ્રસાદ ખાવાનો ભગવાનને નામદેવની જેમ આગ્રહ કરે, તો આજે પણ તે જરૂર સફળ થાય. ભગવાન તેની ભાવના જરૂર પૂરી કરે.

એટલું બધું કરવાની શક્તિ ના હોય તો એક બીજો માર્ગ પણ છે. તમારી પ્રત્યેક ક્રિયાનો સંબંધ ભગવાનની સાથે જોડી દો. એમ કરવાથી તમારા જીવનમાં મહત્વનો ફેરફાર થઈ જશે ને તમને ખૂબ લાભ થશે. નાની કે મોટી કોઈયે ક્રિયા ભગવાનને અર્પણ રકતાં શીખી લો. તેથી તેની ભાવના ને તેના સ્વરૂપમાં

ફેર પડી જશે : ખાવાની ક્રિયા તદ્દન સાધારણ છે પણ તેમાં ભગવાનને ભેળવી દો એટલે તે અસાધારણ બની જશે. કેટલાક માણસો યંત્રની જેમ ખાય છે. ટપાલની પેટીમાં કાગળ નાખીએ તેમ મોંઢામાં ખોરાક નાખતા જાય છે. પૂરું ચાવતા નથી ને શાંતિ પણ રાખતા નથી. કેટલાક માણસો ખાતી વખતે રોષ ને શોક થાય કે ચિંતા ફેલાય ને ભોજનનો આનંદ ઉડી ઝાય એવી વાતો રજૂ કરે છે. કેટલીક સ્ત્રીઓને એવી ટેવ હોય છે કે જમતી વખતે પુરુષોને ઠપકો આપે અથવા પુરુષની પાસે ઘરનો ઈતિહાસ રજૂ કરે, ને પુરુષ જમી લે ત્યાં સુધી તે ચાલ્યા જ કરે. પુરુષનું મન એથી બગડી જાય. કેટલાક પુરુષો પણ એવા હોય છે તેમના તીખા વર્તનથી સ્ત્રીઓનો જમવાનો વખત પણ સુધરતો નથી. એવા માણસોએ સુધરવું જોઈએ. ખોરાક ખાવો એ એક કળા છે. તેની અસર જીવનપર બહુ ભારે પડે છે. શરીરની ને મનની સુખાકારી પણ તેના પર આધાર રાખે છે. એટલે તે કળાને સમજી લેવાની જરૂર છે. ખોરાકનો એકેક ગ્રાસ ખાતી વખતે ખૂબ શાંતિ રાખવી. એવો વિચાર કરવો કે, શરીરની અંદર બેઠેલા દેવતાને આ પ્રસાદ અર્પણ કરવામાં આવે છે. તેમાંથી શુદ્ધ લોહી બનશે, ઉત્તમ પ્રકારનું બળ મળશે ને તે દ્વારા ઉત્તમ કામ કરી શકશે. વળી જમતા પહેલાં અન્ન મનોમન ભાવના કરીને ભગવાનને અર્પણ કરવું તેથી તે પ્રસાદમય બનીને તન ને મન પવિત્ર કરશે. જેમને જમાડવામાં આવે છે તે ભગવાનના સ્વરૂપ છે એમ સમજવું. તેથી તેમની સાથેનો વ્યવહાર સરળ, સાફ ને પ્રેમમય બનશે. ને જમનાર તથા જમાડનાર બંનેને આનંદ મળશે. આ વાત ફક્ત ઘરના માણસો પૂરતી લાગુ નથી પડતી. બહારનાં માણસોને માટે પણ આ વાત સાચી સમજવાની



છે. આપણે ત્યાં કોઈ અતિથિ આવે તો તેને ભગવાનનું સ્વરૂપ જ સમજવાની ટેવ પાડવી. આપણે જમવા બેઠા હોઈને ને કોઈ બીજો ભૂખ્યો માણસ આપણે ત્યાં આવે, તો આપણા ભોજનમાંથી તેની તૃપ્તિ માટે ભોજન જરૂર આપી દેવું, તેમ કરવાથી આનંદ મળી શકશે.

હિમાલયમાં ગંગોત્રીથી આગળના સ્થાનમાં એક મહાત્મા રહેતા હતા. અમે જ્યારે ગંગોત્રી ગયા ત્યારે તેમની મુલાકાત થઈ હતી. તેમના સ્થાનની પાસે ગંગાજી વહી રહ્યાં હતા. અમે ગયા એટલે તેમણે અમને સત્કાર્યા. તેમના હાથમાં માળા હતી. આશ્રમમાં બીજા શિષ્યો પણ હતા. મહાત્માજીની ઉંમર ઘણી હતી. તે વારંવાર જગદીશ જગદીશના જપ કર્યા કરતા. સાંજ પડવાની તૈયારી હતી એટલે એમે જવાની ઊઠવાની રજા લીધી. પણ તેમણે અમને ખૂબ આગ્રહ કરીને જમવા બેસાડ્યા. તે ફલાહાર કરતા. તેમના શિષ્યોએ કહ્યું કે, ‘દિવસ દરમિયાન જે કોઈ આવે તેમને જમાડવાનો તેમનો નિયમ હતો. સાંજ પડ્યા પછી તે દિવસમાં એકવાર જમતા. બધામાં તે જગદીશનું દર્શન કરતા હતા. એટલે જે આવે તેને જમાડવામાં તેમને અજબ આનંદ આવતો.’ બીજાને જમાડવાથી તેમને શું મળતું હશે તે કોણ કહી શકે? પણ એટલું તો સહેજે કહી શકાય તેમ છે કે, બીજાને જમાડીને પાછળથી જમનાર તે મહાત્માનું હૃદય ઘણું વિશાળ, પ્રેમાળ ને ઉદાર હોવું જોઈએ. તમે પણ જો એકલપેટા ના બનો ને બીજાને ખવડાવીને ખાવામાં આનંદ લો, તો તમારું હૃદય વિશાળ, ઉદાર ને પ્રેમમય બની જાય. તમે ખાવાની નાની સરખી ક્રિયા દ્વારા આ રીતે પ્રભુની પાસે પહોંચી શકો છો.

ભગવાન કહે કે, ‘જે જે કરો છો તે મારે ચરણે ધરો; જે

ખાઓ તે પણ મને અર્પણ કરો ને જે તપ કરો તે મારે માટે કરો ને મને અર્પણ કરો.' તપશ્ચર્યાને ભગવાનને ચરણે કેવી રીતે ધરી શકાય : એક રીતે તો એ છે કે માણસે ભગવાનને માટે જ તપ કરવું જોઈએ. ભગવાન સિવાય કોઈયે વસ્તુની કામના તેણે પોતાના હૃદયમાં ના રાખવી જોઈએ. તે ઉપરાંત, પોતાની તપશ્ચર્યા કે સાધના તેણે ચાલુ જ રાખવી જોઈએ. ભગવાનની પ્રસન્નતા માટે કરતાં જ રહેવું જોઈએ. સાધના દ્વારા જે શક્તિ મળે તેનો ઉપયોગ પણ તેણે ભગવાનની સૃષ્ટિના હિત માટે જ કરવો જોઈએ. એ રીતે પોતાની સાધના કે તપશ્ચર્યા ભગવાનને અર્પણ કરી શકાય, આનું નામ સંન્યાસ. સંન્યાસ લેવા માટે કાંઈ ઘર છોડવાની કે વેશ બદલવાની જરૂર નથી. મન, વચન ને કાયાને પ્રભુના ને પ્રભુની સૃષ્ટિના કામમાં લગાડો; મન, વચન ને કાયાથી પ્રભુની પ્રસન્નતાને માટે કામ કરો ને જીવનની નાનીમોટી બધી પ્રવૃત્તિને પ્રભુની સાથે જોડી દો, એટલે સંન્યાસનો આનંદ મળી જશે. યોગનું રહસ્ય પણ પછી સમજાઈ જશે. કર્મના બંધનમાંથી મુક્તિ મળશે ને પ્રભુની પરમ કૃપાનો અનુભવ થશે. પ્રભુનું દર્શન દૂર નહિ રહે.

એક વિદ્યાર્થીએ પોતાના પ્રિય અને આદર્શ શિક્ષિકાને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે, ''ભગવાનને સ્વર્ગલોકમાં આદર્શ શાળા શરૂ કરવી હશે તેથી તેમને બોલાવ્યાં. હવે આપણે ત્યાં પહોંચીશું ત્યારે પાછા તેમના હાથ નીચે ભણીશું.''




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૩ સપ્ટેમ્બર–૨૦૧૧ અંક ૧૨**


# શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળઃ–''પરિમલ'', ૪૦ બી, રીજરોડ, વાલકેશ્વર, મુંબઈ**

**તા.૩૧/૩/૮૨ બુધવાર**

આજે પણ મુલાકાત દરમ્યાન જૈન સાધ્વીજીઓ મળવા આવ્યા હતાં. તેમની સાથે થોડી પ્રશ્નોત્તરી થઈ.

**પ્રશ્નઃ** જૈનશાસ્ત્રો પ્રમાણે શ્રી કૃષ્ણ નર્કમાં છે ને રામનો મોક્ષ થઈ ગયો છે. તો એ અંગે આપ શું માનો છો?

**પૂ.શ્રીઃ** શ્રી કૃષ્ણ ભગવાન નર્કમાં છે. એવા સમાચાર કોણ લાવ્યું? કોઈના ઉપર એવી ટપાલ આવી?

પોતાના ઈષ્ટદેવને સર્વશ્રેષ્ઠ મનાવવા અન્યને હલકા, નીચા કે ઉતારી પાડવાની જે રીતભાવ છે તે યોગ્ય નથી.

ભગવાન કૃષ્ણ કદાચ ગયા પણ હોય નરકમાં વસતા જીવોના ઉધ્ધાર માટે, ગીતાનો ઉપદેશ સંભળાવવાની જરૂર હશે.

કોઇ પણ અયોગ્ય વિસ્તારમાં જાય એનો અર્થ એ ખરાબ છે. એવું નથી. હા. જે ક્ષણે તમારા મનમાં ખરાબ વિચારો આવ્યા તે ક્ષણે તમે તો નર્કમાં છો જ. ખરાબ વિચારો રૂપી નરકમાં તમે તો પડ્યા જ છો.

એટલે દરેકમાં શુભ હોય તે જોવું અને પોતાનો વ્યક્તિગત અભિપ્રાય ગમે તે હોય પણ તે જાહેરમાં રજૂ કરતાં પહેલાં વિવેક કરવો જરૂરી છે.

બીજીપણ થોડા પ્રશ્નોની ચર્ચા થઇ. જે નોંધને યોગ્ય ન હતી. જૈન સાધ્વીજીએ વિદાય થતાં પહેલાં કહ્યું. આજે આપે બતાવેલ ધ્યાન પ્રમાણે, ધ્યાનમાં બેઠાં તો આપનાં જ દર્શન થયાં. આપનો એક ફોટો અમારે આધારરૂપે જોઇએ છે. એ વાતના અનુસંધાનમાં પૂ.શ્રીનો એક ફોટો આપવામાં આવ્યો. તેમને ખૂબ આનંદ થઇ ગયો.

તેમની વિદાય સાથે મુલાકાત પણ પૂર્ણ થઇ છે.

સાંજે પ્રવચન બાદ સર્વેશ્વરીએ શ્રોતાઓની વિનંતીને માન્ય રાખી. ૦ાા કલાકનો વાર્તાલાપ આપ્યો.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી. દૂધ પી આરામ.

**૧/૪/૮૨ ગુરુવાર**

સવારે પૂ.શ્રીના પલંગ પાસેની બારી ઉપર મુકાયેલા ફળો પૈકી અંજીર ગુમ થયું. તપાસ કરી તો ચોથી બારી ઉપર બહાર તે અંજીર અર્ધુ બગાડેલું પડ્યું હતું. એટલે ઉંદર આવે છે ને અંજીર લઇ જાય છે તેનો ખ્યાલ આવી ગયો.

પૂ.શ્રીએ કહ્યું. ઉંદરને આટલી બધી મુસાફરી કરીને અહીં ખાવા આવવું પડે એ કરતાં એ ચોથી બારી ઉપર જ ફળ મુકી દેવાનું. જેથી તે ખાય શકે.



અને સાચે જ એક કેળુ ત્યાં બારી ઉપર મૂકવામાં આવ્યું. પ્રાણીમાત્ર ઉપર કેવી દયા ભાવના?

લેખનકાર્ય નિયમિત થઇ રહ્યું છે. વચ્ચે શાંતિથી મૌન રાખી દૂધ પી લેવાનું બને છે.

સાડા અગિયાર વાગ્યે પૂ.શ્રી દરરોજની જેમ નીચે ઉતરે છે. નીચેના ભાગમાં વિશાળ બેઠકનું સ્થાન છે. ત્યાં પૂ.શ્રી જપની માળા ફેરવતા ફેરવતા આંટા મારે છે. સમયસર ભોજન લઇ લે છે.

ભોજન બાદ મુલાકાત શરૂ થાય છે. આજે દરરોજની જેમ મુલાકાતીઓ વધારે હતાં. એક ભાવિકબહેન એક જ પ્રવચનને સર્વેશ્વરીનું એક જ ભજન સાંભળીને મળવા આવે છે. તે બહેન એક રેશમી સાડી સર્વેશ્વરીને અર્પણ કરે છે. સર્વેશ્વરી તે સાડી ફરીથી પ્રસાદીરૂપે પાછી આપી દે છે. તે બહેનને સમજ આપે છે. તે બહેને પૂ.શ્રીને થોડા પ્રશ્નો પૂછ્યા બીજા પણ થોડા પ્રશ્નોની ચર્ચા થઇ. જે નોંધ યોગ્ય ન હતા.

મુલાકાત બાદ સૌ વિદાય થયાં. પૂ.શ્રીએ થોડો આરામ કર્યો. સાંજે ફરી માધવબાગ દરરોજની જેમ જવાનું બન્યું.માધવબાગ સી.પી. ટેન્ક રોડ ઉપર આવેલો છે. નામ માધવબાગ છે પણ ત્યાં લક્ષ્મીનારાયણનું મંદિર છે. વિશાળ મેદાન છે. જ્યાં પૂ.શ્રીના પ્રવચનો થાય છે.પ્રવચનનો આજે છેલ્લો દિવસ હતો. પ્રવચનની પૂર્ણાહૂતી પછી આભાર દર્શન થયું.

પ્રવચનને અંતે શ્રી હરગોવિંદભાઇ ભટ્ટનાં ધર્મપત્ની શ્રી ડાહીબહેનને વાતચીત દરમ્યાન જણાવ્યું કે મા સર્વેશ્વરી આપ ગઇ રાતે મારી સાથે જ હતાં. આપ સિંહ ઉપર સવાર થઇ હાથમાં ત્રિશુળ લઇ મારી સાથે જ આખી રાત ખુલ્લી આંખે મેં

આપને જોયાં. મારી એ છેલ્લા દોઢેક વરસની એ ઝંખના હતી. પ્રભુએ પૂર્ણ કરી.

જે બહેનને અનુભવ થયો તે બહેન સર્વેશ્વરીને જીવનમાં પ્રથમવાર જ મળે છે. છતાં ઇશ્વરકૃપાએ જે અનુભવ થયો તેથી તે બહેનને ખૂબ સંતોષ અને આનંદ થઇ ગયો.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયાં. શ્રી સૂર્યકાન્તભાઇ વગેરે પૂ.શ્રીને મળે છે. એકાદ ભજન સર્વેશ્વરી પાસે સાંભળવાની ઇચ્છા રાખે છે. પૂ.શ્રી એ વિનંતીને થોડીવાર પછી માન્ય રાખે છે. સર્વેશ્વરી એક ભજન સંભળાવે છે.

પૂ.શ્રી આજે ફક્ત દૂધ જ લે છે. પછી આરામ કરે છે.

(ક્રમશઃ)

બાળકોને એટલું બધું લેશન ન આપશો કે જેથી એમને બીજું કંઇ કરવા માટે સમય જ ન રહે. તેઓમાં માહિતી અને આંકડાઓ ઠાંસી ઠાંસીને ભરવાનો પ્રયત્ન ન કરશો. આપણે કોઇ ઉતાવળ નથી. વિદ્યાર્થીઓ જે શીખે છે તે તેમને સમજવા દો. શારીરિક કસરતો માટે પણ પૂરતો સમય રહેવો જોઇએ. વિદ્યાર્થી તરીકે સારા પણ તેઓ ફિક્કા અને દુબળા હોય તો કોઇ કામના નથી.

આજે છેતરપીંડી ચાલાકી ગણાય છે. ચોરી ચતુરાઇ ગણાય છે, વિશ્વાસઘાત હોશિયારી ગણાય છે અને ભ્રષ્ટાચાર એ બહાદુરી ગણાય છે—બાળકને આ બદીથી બચાવવા એટલે જ સાચું શિક્ષણ.

—અઝીઝ પ્રેમજી



# મહાત્મા યોગેશ્વરજીની સંક્ષિપ્ત જીવનકથા

—ડૉ. અરૂણિકા દરૂ

### સાધના સાથે સાહિત્ય

નવી સંસ્થાના નિવાસ દરમ્યાન ધાર્મિક પુસ્તકો તથા ગુજરાતી સાહિત્યનાં વિશિષ્ટ પુસ્તકો અને માસિકોનાં વાંચનનું અને લેખનનું કામ સતત ચાલું જ હતું. જીવનમાં ત્યારે બે પ્રવાહ બળવત્તર હતા. એક મુખ્ય પ્રબળ પ્રવાહ તે આત્મોન્નતિની સાધનાનો અને બીજો સાહિત્યનો પ્રવાહ, તેમાં સંવાદીરૂપે ભળતો હતો. કાવ્યો લખાતાં હતાં. એટલે તેમણે કાવ્યસંગ્રહ બહાર પાડવાનું વિચાર્યું. પણ પછી શ્રીજ્યોતીન્દ્ર દવેની સૂચનાનુસાર થોડી ધીરજ રાખીને રાહ જોવાનો તેમણે નિર્ણય કર્યો. વક્તૃત્વસ્પર્ધામાં ભાગ લીધેલ અને ઇનામો પણ મેળવેલાં. આમ તેમની કોલેજજીવનની કારકિર્દી ઘણી સારી રહી હતી. અલબત્ત વૈરાગ્યની વૃત્તિ પ્રબળ થતી જતી હતી એટલે કોલેજના અભ્યાસમાં બહુ મન લાગતું ન હતું. હિમાલય તરફનું આકર્ષણ તે સમયથી જ તેમનામાં પ્રબળ રહ્યું હતું. અને બળવત્તર બનતું જતું હતું. અધૂરી તૈયારીએ પરીક્ષા આપી. બે એક વિષયમાં પાંચ જેટલા માર્કે નાપાસ થયા. નાપાસ થયેલાને બોર્ડિંગમાં ફરી દાખલ નહીં કરે, એવો તેમને ખોટો ખ્યાલ એટલે મુંબઇ જવાનો કે સંસ્થામાંથી માહિતી મંગાવવાનો તેમણે પ્રયત્ન કર્યો નહીં. વડોદરામાં રહીને કોલેજના અભ્યાસની શરૂઆત કરી પણ તેમાં મઝા ન આવી. તેમને માટે તો

આધ્યાત્મિક ઉન્નતિની સાધનાની નવી લાઈન હતી. તેમણે છેવટે તેમાં જ પારંગત થવાનો પ્રયાસ કર્યો.

**શ્રીઅરવિંદને પત્ર**

વડોદરાનિવાસ દરમ્યાન સ્વામી જીવનતીર્થના પરિચયમાં આવ્યા. ત્યાં નેતિ ધોતિ જેવી ષટ્ક્રિયાઓ શીખ્યા. મન ઈશ્વરદર્શન અને સાધના તરફ લગાડવાનો વિચાર પ્રબળ બનતો જતો હતો. એ અરસામાં યોગી શ્રીઅરવિંદ વિષે વાતો સાંભળેલી કે શ્રીઅરવિંદ દેશને યોગશક્તિથી આઝાદ કરવાના છે. તો યોગની સિદ્ધિ મેળવી પોતે પણ ગાંધીજીને દેશની આઝાદી મેળવવાના કાર્યમાં મદદ કરી શકે. એવા શુભ હેતુથી યોગેશ્વરજીએ શ્રીઅરવિંદને તેમના આશ્રમમાં પોતાને દાખલ કરવા અંગે વિનંતી કરતો પત્ર લખ્યો. ઉત્તરની લાંબા સમય સુધી રાહ જોયા પછી બીજો પત્ર અને ત્રીજો પત્ર પણ લખ્યો. જવાબ માટે જરૂરી ટપાલ ટિકિટો બીડેલી હોવા છતાં, અઢી માસ સુધી પ્રત્યુત્તર ન મળ્યો. અંતે આશ્રમના મંત્રીની સહીવાળો ટૂંકો અને નિરાશાજનક ઉત્તર મળ્યો, તેથી મનોમંથન વધી ગયું. ઈશ્વરે તેમનું જીવનઘડતર દક્ષિણ ભારતના અરવિંદ—આશ્રમમાં નહીં પણ ઉત્તર ભારતના હિમાલયમાં કરવાં ધાર્યું હતું.

**અપરિણીત રહેવાનો નિર્ણય**

યોગેશ્વરજીના જમાનામાં નાની વયે લગ્ન થતાં એટલે એમના અભ્યાસકાળ દરમ્યાન જ કુટુંબજનો અને ગામના પ્રતિષ્ઠિત માણસોએ તેમનાં લગ્નની વાત ઉપાડી લીધી. સર્વ પ્રકારની અનુકૂળતા છતાં યોગેશ્વરજીએ લગ્નની ના પાડી. તેથી ઘણો ઉહાપોહ થયો. અંગ્રેજી ભણતરને કારણે બુદ્ધિ બગડવાથી, ગામડાની કન્યા ન ગમે માટે, કોઈ રોગ હશે માટે, ભણવાનું



બગડે નહીં માટે આ યુવક લગ્નનો વિરોધ કરે છે એવી લોકમાનસે જાતજાતની અટકળો કરવા માંડી. પણ સામાન્ય જનમાનસને આ અસામાન્ય માણસના મનની ભીતરમાં શું ચાલી રહ્યું છે તેનો ખ્યાલ શી રીતે આવે? પરંપરાગત પ્રબળ સંસ્કારોવાળી સંકુચિત દૃષ્ટિ માટે તો આ વાત આશ્ચર્યજનક જ હતી. પ્રત્યેક સ્ત્રીમાં જગદંબાના સ્વરૂપનું દર્શન કરવાની ટેવ પાડી જેણે મનને નિર્મળ કર્યું હોય તે જિતેન્દ્રને લગ્નની આવશ્યક્તા કેવી ? તેમણે તો આત્મોન્નતિની અભિલાષા સેવી અપરિણીત રહેવાનો મક્કમ નિર્ણય કરી લીધો હતો.

વૈરાગ ને ત્યાગના વિચારો પ્રબળ થવાથી યુવાન યોગેશ્વરજીના બાહ્યજીવનમાં પણ ફેરફારો શરૂ થયા. ભોજન એક જ વાર, ચંપલભૂટનો ત્યાગ, સાદી રહેણીકરણી વગેરેની શરૂઆત એ રીતે કોલેજકાળથી જ થઈ ગઈ.

**ભિક્ષુ અખંડાનંદની મુલાકાત**

હિમાલયના ઋષિકેશમાં ગંગાના પવિત્ર તટે સ્વામી શ્રી શિવાનંદનો—સાક્ષાત્કારી સંતપુરુષનો—આશ્રમ છે તેવી વાત તે સમયે તેમના જાણવામાં આવી ત્યારે યોગેશ્વરજીનો ઉત્સાહ વધી ગયો. તેમના આશ્રમમાં પોતાને પ્રવેશ આપવાની રજા માગતો પત્ર તેમણે લખ્યો. થોડો સમય રાહ જુઓ તેવું જણાવતો જવાબ આવ્યો પણ યોગેશ્વરજીનો ઉત્સાહ અદમ્ય હતો. એટલે રાહ જુઓ એવું જણાવતો જવાબ આવ્યો હોવા છતાં, સ્વામીજીને પ્રત્યક્ષ મળવાનું તેમણે નક્કી કર્યું અને માતાજીના ભાઈ રમણભાઈને પોતાનો હિમાલય જવાનો નિર્ણય જણાવી દીધો. રમણભાઈને અશ્ચર્ય થયું. તેમને ભાણેજના માનસિક વિકાસની ખબર ન હતી. એટલે તેમણે પોતાની રીતે તેમને સમજાવવાનો

પ્રયાસ કર્યો. પણ પ્રયાસ વ્યર્થ ગયો એટલે તેમણે તેમની સમક્ષ એક શરત મૂકી કે દેવું થયું છે તેની રકમના સો રૂપિયા હજી ચૂકવવાના બાકી છે તે ભરી દઇને જવું હોય તો જાવ. તે કાળે સો રૂપિયા ઘણી મોટી રકમ ગણાય. પણ યોગેશ્વરજી એમ હિંમત હારીને નિરાશ થઇને બેસી રહે તેવા ન હતા. તેમની પાસે તેમના લખેલા થોડા ધાર્મિક લેખો હતા. તેમણે વિચાર્યું સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલયના સંચાલક ભિક્ષુ અખંડાનંદજીને લેખો મોકલું. જો પુરસ્કારના સો રૂપિયા મળે તો મુશ્કેલી દૂર થાય. તેમણે પંદરવીસ લેખો સાથે પોતાની વર્તમાન દશા અને હિમાલય જવાની ઇચ્છા રજૂ કરતો પત્ર ભિક્ષુ અખંડાનંદજીને લખી મોકલ્યો. જવાબમાં સ્વામીજીએ તેમને નડિયાદ આશ્રમે બોલાવ્યા. પ્રત્યક્ષ મુલાકાત થઇ. સ્વામીજીએ અનેક પ્રશ્ન પૂછ્યા. યોગેશ્વરજીના ઉત્તરથી તેમને સંતોષ થયો. તેમણે યોગેશ્વરજી પાસે ખૂબ ભજનો ગવડાવ્યાં. પછી તેમને લઇ તેઓ અમદાવાદ આવ્યા. ત્યાં તેમણે સંસ્થાના કાર્યાલયમાં વ્યવસ્થાપક તરીકેની કામગીરી સોંપવાની દરખાસ્ત યોગેશ્વરજી પાસે મૂકી. પણ હિમાલયના પ્રબળ આકર્ષણને યોગેશ્વરજી ટાળી શકે તેમ ક્યાં હતા? સ્વામીજીએ પોતાની સાથે રહી હિંદુસ્તાનના પ્રવાસની બીજી દરખાસ્ત પણ મૂકી. યોગેશ્વરજીએ એ દરખાસ્તને પણ નમ્રતાથી નકારી.

સ્વામીજીને યુવાન યોગેશ્વર માટે હૃદયનો ભાવ જાગ્યો હતો તેથી તેમણે પૈસાની મદદ ન કરવાના આશ્રમના નિયમનો ભંગ કરીને અપવાદરૂપે યોગેશ્વરજીને ટિકિટ તથા માર્ગવ્યયનો હિસાબ કરીને રૂા.૧૨૦ અપાવ્યા. પંદરેક પુસ્તકો, ભગવાન શ્રીકૃષ્ણની બે સુંદર મૂર્તિ, શ્રીરામકૃષ્ણ પરમહંસ તથા



વિવેકાનંદના બે મોટાં ચિત્ર લઇને યોગેશ્વરજીએ એ નિષ્કામ કર્મયોગીની વિદાય લીધી. એ પછી એમના જીવનમાં ક્યારેય તેમની પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બની.

ભિક્ષુ અખંડાનંજીની સમયસરની આર્થિક સહાયે યોગેશ્વરજીના જીવનના ઉચ્ચ આશયને (હિમાલયમાં જઇ સાધના કરવાના) ફળીભૂત કરવામાં અર્થપૂર્ણ ફાળો આપ્યો. એ રીતે શ્રી અખંડાનંદજીએ યોગેશ્વરજી માટે અખંડ આનંદની પ્રાપ્તિનો માર્ગ મોકળો કરી આપીને, અમૂલ્ય સહાય કરી. યોગેશ્વરજીએ દેવું ચૂકતે કર્યું, સરોડા માતાજી પાસે થોડા દિવસ રહી તેમણે હિમાલય જવાનો પોતાનો અડગ નિર્ણય જણાવ્યો. પુત્રવિયોગના ખ્યાલે દુઃખી હોવા છતાં સમજુ માતાએ પોતાના પુત્રના હિતને મહત્ત્વ આપ્યું અને હિમાલય જવાની સંમતિ આપી.

(ક્રમશઃ)

**અબ્રાહમ લિંકને** પોતાના પુત્રને શાળાએ મોકલતી વખતે શિક્ષકને લખેલું કે, ''તમે મારા પુત્રને શીખવજો કે સમાજમાં જેમ લુચ્ચા માણસો છે તેમ સારા માણસો પણ છે. સાચી રીતે કમાયેલો રૂપિયો મફતમાં મળેલા પાંચ રૂપિયા કરતાં અનેક ગણો કિંમતી છે. ખેલદિલીથી હારતા શીખવજો અને જીતવાનો આનંદ માણવાનું પણ શીખવજો.''

# પૂ.માને રક્ષાબંધનનું સંસ્મરણ

**ડો.ગંભીરભાઇ પટેલ**

(ડો.ગંભીરભાઇ બી પટેલ તેમજ એમનાં ધર્મપત્ની શ્રી અરૂણાબહેન પૂ.માનાં ભક્ત છે. પૂ.માના પૂર્વાશ્રમનાં પરિચિત છે. સંભવ છે શ્રી પદ્માબેનને પણ તેઓ જાણતાં હોય, એટલે શ્રી પદ્માબેનનો પ્રસંગ અધ્યાત્મમાં વાંચી તેઓ ભાવવિભોર બન્યાં હોય ને પોતાનો પ્રતિભાવ સહજ રીતે રજુ કરવા પ્રેરિત થયાં હોય.

સને ૨૦૧૧નું રક્ષાબંધન પર્વ હમણાં જ ગયું છે. તે પ્રસંગે શ્રી પદ્માબહેનના ગત વર્ષના એ પુણ્યપ્રસંગને યાદ કરી આ લેખ અમે રજુ કરીએ છીએ.)

**તંત્રી**

દ્રૌપદીના જીવનની ઘટનાને સાચી ઠેરવતી પૂ.મા સર્વેશ્વરી તથા શ્રીપદ્માબહેનની રક્ષાબંધનની સ્મરણીય ઘટના વર્ષ ૨૦૧૦માં વિદેશની ધરતી પર ઘટી હતી. ઘટના કંઇક આવી હતી.

શ્રી જગુભાઇના કપાળે ચાંદલો જોઇ, પૂ.મા હકીકત જાણે છે કે શ્રી પદ્માબહેને રક્ષાબંધન નિમિત્તે તેમને રાખડી બાંધી ચાંદલો કરેલ છે. આથી પૂ.મા સહજ ભાવે પદ્માબહેનને કહે છે ‘‘તો રાખડી અમને કેમ નહીં?’’ તેના પ્રત્યુત્તરમાં શ્રી પદ્માબહેન કહે છે, ‘‘મા, અમે રાખડી બંધાવવા તો આવ્યાં છીએ.’’ પછી માના મૌન આચરણને અનુસરી, મૌન બની પદ્માબહેન અંદરના ઓરડામાં ચાલી ગયાં. પદ્માબહેનને થાય છે કે પૂ.માએ સામેથી રાખડી માગી, પણ મારી પાસે બીજી રાખડી તો છે નહીં, તો શું કરું?



આ પછી તુરતજ વિચાર આવતાં પોતાની નવી નકોર સાડીનો છેડો ફાડી, તેમાં પોતાના ગળામાંનું સોનાનું પેન્ડન્ટ ગૂંથી, રાખડી બનાવી. પૂ.મા પાસે આવ્યાં ને પૂ.માના હાથે રાખડી બાંધી દીધી! એમ કરી હજારો વર્ષ પહેલાંની દ્રૌપદીજીની ઘટનાને સાકાર બનાવી દીધી. ઇતિહાસની આ ઘટના સાચી હતી તેની સાક્ષી પૂરી દીધી. ત્યાં એકત્રિત ભાઇબહેનોને પણ પદ્માબહેને આશ્ચર્યચકિત કરી નાંખ્યાં.

પૂ.મા પણ આ નવી પ્રકારની રાખડી જોઇ આશ્ચર્ય પામ્યાં. ઝીણવટપૂર્વક જોતાં પૂ.મા સમજી ગયાં કે પદ્માએ પોતાની નવી સાડીની કિનાર ફાડીને આ રાખડી બનાવી છે—કારણ બન્નેનો રંગ એક સરખો હતો. સમાજમાં પ્રચલિત માન્યતા છે કે સ્ત્રી પોતાનાં કિંમતી વસ્ત્રો અને સોનાના ઘરેણાંને ખૂબ ચાહતી હોય. જલ્દીથી તે કોઇને આપે નહીં. પણ હે પદ્માબહેન, તમે આજે તે માન્યતા ખોટી પાડી, કિંમતી વસ્ત્ર અને સુવર્ણનો ખૂબ ઉદારતાપૂર્વક ત્યાગ કરી દઇ, આ ઘટનાને ચિરસ્મરણીય બનાવી દીધી.

એ સાચું છે પૂ.માએ સોનાનું એ પેન્ડન્ટ પદ્માબહેનને પાછું આપી દીધું, પરંતુ પદ્માબહેનના પૂ.મા પ્રત્યેના ઉત્તમ ભાવનું તે ઉદાહરણ બની ગયું. પૂ.માને મન પૂ.ગુરુદેવ ભગવાન સિવાય કોઇ ભૌતિક વસ્તુઓનું કોઇ મૂલ્ય નથી અને તેથી જ પૂ.માએ પદ્માબહેનનો ભાવ સ્વીકારી પેન્ડન્ટ પાછું દઇ દીધું!

હે પદ્માબહેન, ધન્ય છે તમારા સંસ્કારોને તમારા માબાપ ને પરિવારને. પૂ.માના આશીર્વાદથી તમારી બધી કામનાઓ પ્રભુ પૂરી કરશે.

હે બહેન, તારા એ આચરણે અમને પણ ખૂબ પ્રેરણા પૂરી પાડી છે. બહેન, તારો ત્યાગ અને ભાવ જોઇ અભિભૂત થઇ જવાય છે. મા સર્વેશ્વરી તારું સર્વ પ્રકારે કલ્યાણ કરો. એજ પ્રાર્થના.

# બોજો ફેંકી દો

**કુંદનિકા કાપડીઆ**

જીવનની લડાઈઓ લડવાનું કામ માણસમાં જે ભગવત્–મન રહેલું છે, તેને સોંપાયેલું છે. માણસે પોતે તો માત્ર શાંત બની રહેવાનું હોય છે, પ્રતીક્ષા કરવાની હોય છે. તેનું તર્કબુદ્ધિ ધરાવતું મન તો ઘણું મર્યાદિત હોય છે. ભય ને શંકાથી ભરેલું હોય છે. આથી તેણે પોતાનો બોજો ભગવત–મનને સોંપી દઈ; હળવા થઈ જવું જોઈએ. પોતાનો બોજો પોતે ઊંચકવો, એ નિયમનો ભંગ છે. એક સ્ત્રી વર્ષોથી દુનિયા પ્રત્યે નફરતનો બોજો લઈને ફરતી હતી. તેણે એક દિવસે કહ્યું,''મારો આ બોજો હું અહીં બેઠેલા ભગવાનને સોંપી દઉં છું.'' સર્વશક્તિમાન ભગવત–ચેતનાએ એના અર્ધજાગ્રત મનને પ્રેમથી ભરી દીધું અને તેનું આખું જીવન જ પલટાઈ ગયું.

પરમ ચેતના સમક્ષ આ નિવેદન ફરી, ઘણી વાર તો કલાકો સુધી મૌનપણે અથવા મોટેથી નિશ્ચયાત્મકતાથી કરતા રહેવું જોઈએ.

મેં નોંધ્યું છે કે બોજો ફેંકી દીધા પછી થોડા વખત પછી આપણી દૃષ્ટિ ચોખ્ખી બને છે. હું મારો બોજો ભગવાનને સોંપી મુક્ત થાઉં છું. એમ ફરી કહેતાં દૃષ્ટિની સ્પષ્ટતા અને હળવાશ અનુભવાય છે અને થોડા જ વખતમાં 'શુભ' નો મૂર્ત સ્વરૂપમાં આવિર્ભાવ થાય છે–પછી એ આરોગ્ય હોય, આનંદ હોય કે સાધનસામગ્રી હોય.

ઘણીવાર મોટો આવિષ્કાર થતાં પહેલાં બધું જ અવળું પડતું



હોય એમ ભાસે છે, ઊંડી હતાશા મનને ઘેરી વળે છે પણ એ તો અર્ધજાગ્રત મનમાં લાંબા સમયથી ધરબાયેલાં પડેલાં ભય ને શંકા સપાટી પર આવવાને કારણે બને છે અને એ સપાટી પર નાબૂદ થવા માટે જ આવ્યાં છે.

કોઈ કદાચ પૂછેઃ ''આ અંધારામાં ક્યાં સુધી રહેવું પડે ?'' મારો જવાબ છેઃ ''અંધારામાં 'જોઈ શકીએ' ત્યાં સુધી.'' અને બોજો ફેંકી દેવાથી માણસ અંધારામાં પણ જોઈ શકે છે.

અર્ધજાગ્રત મન પર કોઈ પણ બાબત અંક્તિ કરવા માટે સક્રિય શ્રદ્ધા હંમેશા ખૂબ જરૂરી છે.

કશીક ગેરસમજને કારણે એક સ્ત્રી અને તેના પતિ છૂટાં પડી ગયાં હતાં. સ્ત્રી તેના પતિને ખૂબ ચાહતી હતી, પણ પતિ સમાધાન માટે કેમેય તૈયાર થતો નહોતો. તે તો તેની સાથે વાત કરવાનો જ ઈન્કાર કરતો.

આધ્યાત્મિક નિયમની તે સ્ત્રીને જાણ થતાં તેણે જુદાઈની પરિસ્થિતિનો જ ઈન્કાર કર્યો. તેણે કહ્યું, ''ભગવત્ ચેતનામાં કોઈ જુદાઈ નથી, જે પ્રેમ અને સાથ દિવ્ય ચેતનાએ મારે માટે નિર્મ્યાં છે તેનાથી મને કોઈ અલગ કરી શકે નહિ.''

તેણે આ બાબતમાં સક્રિય શ્રદ્ધા દર્શાવી, રોજરોજ તે જમવાના ટેબલ પર તેના પતિ માટે જગ્યા રાખતી, અને એ રીતે અર્ધજાગ્રત મન પર પતિના પાછા ફરવાનું ચિત્ર અંક્તિ કરતી. એક વર્ષ વીતી ગયું. તે શ્રદ્ધામાંથી જરા પણ ડગી નહિ, અને 'અક દિવસ તે ઘરે આવ્યો. અર્ધજાગ્રત મન પર પ્રભાવ પાડવા માટે સંગીત પણ એક વિશેષ સાધન છે. સંગીતના લય અને સંવાદ સાથે આવતા શબ્દો ઘણા શક્તિશાળી બની જાય છે.

સુખ અને શાંતિ પામવા માટે માણસે પોતાના અર્ધજાગ્રત મનમાંથી બધા ભય ભૂંસી નાખવા જોઇએ. માણસના પોતાના ભયને લીધે જ વસ્તુ ભયાનક બનતી હોય છે. માણસે પોતાનું દરેક કાર્ય તે ભયમાંથી ઉદ્ભવે છે કે શ્રદ્ધામાંથી, તે તપાસતા રહેવું જોઇએ.

કોઇ વાર માણસને વ્યક્તિનો ભય લાગતો હોય છે. એવે વખતે જેનાથી ભય લાગતો હોય તે લોકોને મળવાનું ટાળવું નહિ. પ્રસન્નતાથી તેમને મળવું. તેઓ કાં તો તમારા 'શુભ' ની સાંકળમાં એક સોનેરી કડી બનશે કે પછી અનાયાસ તમારા માર્ગમાંથી ખસી જશે.

રોગ કે જંતુનો ભય લાગતો હોય તો રોગભરપૂર પરિસ્થિતિમાં નિર્ભય થઇને વિચરવું. તમે રોગથી અસ્પર્શ્ય રહેશો. તમારાં આંદોલનો અને જંતુનાં આંદોલનો સમાન સ્તરે ચાલતાં હોય તો જ તમને જંતુઓ ત્રાસરૂપ બની શકે છે અને જંતુની ભૂમિકાએ માણસને ખેંચી જનાર વસ્તુ છે ભય.

આંખમાં અમી, વાણીમાં સંસ્કાર, વર્તનમાં અદબ, સ્વભાવમાં નમ્રતા અને નિર્ભયતા, હૃદયમાં વિશાળતા અને ચારિત્ર્યમાં નિષ્કલંકતાનું ઉમદા રસાયણ બનાવી બાળકોને જિંદગીનો પ્યાલો પાવો જોઇએ.



# અનોખી ઘટના

નારાયણભાઇ હ.જાની

(આ એક સત્ય ઘટના તા. ૧૭.–ઓગસ્ટ,૧૯૮૪માં ઘટેલી.તે પૂ.મામાં શ્રદ્ધા વધારનારી હોઇ, તેમજ અધિકારી જીવ ઉપર તે કેવી અહૈતુકી કૃપા વરસાવે છે તેવું દર્શન તેમાં થાય છે.)

તંત્રી

તા. ૧૭ ઓગસ્ટના રોજ હું અંબાજીના પંચાલ વિશ્રાંતિગૃહમાં બેસી મારું લેખન કાર્ય કરી રહ્યો છું. સમય લગભગ સાંજના પાંચ વાગ્યાનો છે. ત્યાં એક ભાઇએ આવી કહ્યું ''પાલનપુરથી એક ભાઇ અને એક બહેન પૂ.માના દર્શને આવ્યા છે. બોલાવું !

મે કહ્યું : જરૂર બોલાવો.

તેઓ બન્ને મારા રૂમમાં આવી બાજુના પલંગ ઉપર બેસે છે. શ્રીવિજયભાઇ એ બેનનો પરિચય આપે છે. તેમનું નામ હસુમતીબેન ગાંધી છે ને અધ્યાત્મનાં ગ્રાહક છે. હું પૂછું છું : ''મા. અહીં છે એ સમાચાર તમને ક્યાંથી મળ્યા !

તે બહેન પોતાની વાત આ પ્રમાણે કહે છેઃ– પૂ.માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહના ખાતમુહૂર્તની આમંત્રણ પત્રિકા મને મળી હતી. પરંતુ તા.૧૫મીએ મારાથી આવી ના શકાયું. પરંતુ આજે બપોરે હું સૂતી હતી, અને મને એક ધ્વનિ સંભળાયો કે 'માના દર્શને આવ'. આથી હું એકદમ ઊઠી ગઇ ને મારા પતિદેવને કહ્યું કે ચાલો, આપણે અંબાજી મા સર્વેશ્વરીના દર્શને

જઈએ. તેમણે સંમતિ આપી એટલે અમે અહીં આવ્યા. અમારે પૂ.માશ્રી સર્વેશ્વરીનાં દર્શન કરવા હતાં. અહીં તેમને લોકો ઓળખતાં હશે કે કેમ, તેની જાણ મને ન હોવાથી મેં ઓગસ્ટ માસનું અધ્યાત્મ સાથે લીધું. તેમાં પૂ.માનો ફોટો છે. એટલે બતાવવા થાય કે મારે આ માનાં દર્શન કરવાં છે.'

''પરંતુ અહીં આવ્યા કેડે શ્રી અંબિકા ભુવનમાં તપાસ કરી તો ત્યાંનાં માણસોએ કહ્યું કે સર્વેશ્વરીમાં અહીં તા. ૧૫મીએ હતાં, પરંતુ હાલ તેઓ નથી; ચાલ્યાં ગયાં છે.''

એ હકીકત સાંભળી મને ભારે નિરાશા થઈ; દુઃખ પણ થયું. વળી મનમાં થયું ''માએ શું ખોટો આદેશ આપ્યો હશે !''

એ પછી હું ને મારા પતિદેવ પાલનપુર પાછા ફરવા માટે બસ સ્ટેન્ડે આવ્યાં. પરંતુ કુદરતને કરવું કે મારા પતિદેવને સંડાસ જવાનું થયું, એટલે થોડીવાર ફરજિયાત રોકાવું પડ્યું. ત્યાં અચાનક બસસ્ટેન્ડ ઉપર મારી નજર શ્રી વિજયભાઈ પુરોહિત ઉપર પડી. તુરત જ મને થયું, વિજયભાઈ અહીં છે, તો 'મા' જરૂર અહીં જ હોવાં જોઈએ. એટલે મેં તેઓને બૂમ પાડી.

એમણે કહ્યું : મા અહીં જ છે. એમનો ઉતારો સરકારી વિશ્રાંતિ ગૃહમાં છે.

એ સાંભળી મને ખૂબ ખૂબ આનંદ થયો. મારા પતિદેવ આવ્યા ત્યારે મેં તેમને કહ્યું ''ચાલો, મા અહીં જ છે. આપણને એમનાં દર્શન થશે.'' એટલે અમે બન્ને પૂ.માના દર્શન માટે આવ્યાં છીએ. સાંજે સાડા સાત પહેલાં અમારે પાછાં ફરવું છે. પછી બસ નથી.

તે બહેનની ભાવના જોઈ મને આનંદ થાય છે. તેમને



પૂ.માના ઉપવાસોની જાણ છે. એટલે તેઓ પૂ.માના સ્વાસ્થ્ય અંગે ચિંતિત છે.

પૂ. માની સાધના અને પૂ.શ્રીના જીવનના કેટલાક પ્રેરક પ્રસંગોની હું તેમને વાત કરૂં છું. તે પછી શ્રી વિજયભાઈ તેઓને પૂ.માના ઉતારે લઈ જાય છે.

પૂ.માના બંધ ઓરડામાં ચીઠ્ઠી મૂકી તેઓ આ બન્નેના દર્શનની ઈચ્છાની જાણ કરે છે. પૂ.'મા' તેમને પ્રેમપૂર્વક આવકારે છે. ને કલાકેક તેમની સાથે સત્સંગની વાતો કરે છે.

એ બહેન જ્યારે જતી વખતે પૂ.માને વંદન કરે છે, ત્યારે ભાવવિભોર બની જાય છે ને તેમની આંખમાંથી હર્ષાશ્રુ ટપકી પડે છે. પૂ.માની અહેતુકી કૃપા જાણે તેઓ ઉપર વરસી રહી છે, એમ એ અનુભવે છે.

કોઈ સરળ દિલના પ્રેમી સાધકભાઈ બહેનોને મા જગદંબા કેવો અદ્ભુત અનુભવ કરાવે છે, તેની પ્રતીતિ મારૂં દિલ કરી રહે છે.

**ગાંધીજી કહેતા હશે કે—**

''વારસો મારો, હવે સદકર્મે વાપરતા નથી,
કોણ જાણે કેમ મારું ઋણ અદા કરતા નથી,
કર્મવીરોની જયંતિ, કામચોરો ઉજવતા નથી,
લોક ઉત્સવ ઘેલછામાં કર્મને અડતા નથી.''

# ગોકુળ આવો તો ભેળાં થઈએ

મુકુન્દ પારાશર્ય

હવે ગોકુળ આવો તો ભેળાં થઈએ
કાનુડા વ્હાલા, એકાંતે એકલાં મળીને.
યમુનાને કાંઠે શીળીમૂંગી કદંબ—છાંયે
જેવાં મળતાં તેમ મળીએ.
મથુરાના રાજમાર્ગ મંદિરની ઝાલરોમાં
ભગતુંની ભીડમાં ક્યાં ભળીએ ?—કાનુડા

જીવતર ધર્યું મેં શાનું, કૈંયે ના તુંથી છાનું.
વ્રજને ના આમ છાંડી જઈએ.
પલનો બસ સંગ આપી, વિરહે રઝળાવી નાંખી !
સ્મરણાં પર કેટલુંક નભીએ !—કાનુડા

કરવા શું કાલાવાલા ! અંતર તું જાણે વ્હાલા !
સમરથને કેટલુંક કહીએ ?
કંઈક તો કરી દે એવું, જીુદુ પડે ના રે’વું
એકબીજામાં ઠરીએ.—કાનુડા

અબળાની મૂંગી માળા એળે ગઈ શું વ્હાલા ?
પોતાનું પોત તો જાળવીએ.
ખોળે શિર નાંખી સૂતાં, નયણો નયણામાં પ્રોતાં
પ્રાણોમાં પ્રાણ ગાળી દઈએ.—કાનુડા



# Pujya Maa’s Darshan July 2011

Pratik Smart

For the past many years it has become a habit for us, to expect and get “Pujya Maa’s” darshan during summer in the U.S.A. This is particularly for devotees living close to New Jersey and it is true for other states in the USA in case “Pujya Maa” travelled to those areas. This has been a thoughtless process from our side. Some sort of right that paid no attention to anyone else but “Me”. As long as I got “Maa’s” darshan there was peace within as if a parched throat was given some water to drink. Those summer months would be spent in Satsang and Shibirs. No other thought would cross my mind during those times.

This year “Pujya Maa” had different plans. Right from beginning of the year we were getting news that “Pujya Maa”was not planning on travelling to the USA. The news took away the happiness of anticipating “Pujya Maa” arrival. I shuddered at the thought of not getting “Pujya Maa” darshan this year. A quiet melancholy

broke into our house and then there were throughts that made plans of a different kind.

"Can we travel to India to get Pujya Maa's darshan this summer?"

"Can I leave a message at Swargarohan, praying Maa for her darshan?"

"Should we talk Vinod Kaka to see if the news is true, but how should we contact him?"

A summer without Pujya Maa was unthinkable. We could do nothing but blame our fate as we waited for months to pass buy. This was in hope that "Pujya Maa" would change her plans and surprise us all. April and May walked by and there were no signs of "Pujya Maa". Evidently even the months had no control over the issue and how could they? "Pujya Maa" has her own divine designs and only she knew of the possibilities. There was no way anyone or anything would know of her plans. For the first time I was thinking about something that was always taken up for granted. The sigh grew into deeper, quieter introspections. More questions about myself and more action plans came within me during those two months.



"I am not qualified enough to understand "Pujya Maa's" motives, to know her or to ask for her darshan in the given circumstances."

"I must pray more vehemently in hope of receiving her grace and mercy."

"I am receiving what I deserve. I must work on becoming more worthy to be able to get her attention"

"I must have done things incorrectly during the year and hence I will have to pay the price by not receiving her darshan that I wanted to get so much."

These and many such thoughts kept pilling up in my mind. This weight wthin me could reduce, only by submitting myself to her will. I realized that whatever she does is for my benefit and that I must dovetail my thoughts to her will. Very soon I was finding refuge in Prayers.

"Pujya Maa"has ways to put many such thoughts into pure action. The grace and mercy of this divine Mother is insurmountable. All her action gifts for others. Taking pain upon herself she provids others what they may have never expected to see or experience. Her actions be-

come gifts of joy that last within a person forever. Her ways remove the burden from the mind and bring back pleasure that a soul craves for within. On the 23rd of June, 2011 we got to know that "Pujya Maa" was in the USA. She had heard the prayers of so many devotees and being benevolent she decided to surprise us all with the gift of a lifetime. The possibility of getting "Pujya Maa's" durshan had now become a reality her mercy. The agony within the mind had disappeared and was replaced with more faith, love and respect for "Pujya Maa". These two months made me realize the importance of "Maa" in my life. It made me want to be more thankful to her and for everything she does for our life. It has made me become more wary of her presence in my life and the pain that comes up on thinking of a moment without her. I can only pray that she adorn our lives with her presence, in this manner, forever.

બાળકોને સમજવાની એક ગુરુ ચાવી છે. ''કોઈપણ બાળકને સમજવાનો પ્રયત્ન કરતી વખતે પોતાનું બાળપણ પણ યાદ કરી લેવું.'' આથી ઘણા અત્યાચારો અટકી જશે.



# પૂ. માનું દર્શન

મૂળ લેખક : પ્રતીક સ્માર્ત, અનુવાદ : તંત્રી

છેલ્લાં ઘણાં વર્ષોથી અમેરિકામાં વસતા પૂ.માના ભક્તો માટે જાણે કે એ આદત બની ગઈ હતી કે ઉનાળામાં પૂ.માનાં દર્શનની ઈચ્છા કરો ને તે થાયજ. આ વાત ખાસ કરી ન્યુ જર્સી આસપાસ વસતા ભક્તો માટે સાચી છે અને તે પણ સાચુ છે કે અમેરિકાનાં બીજાં રાજ્યોમાં તો તેઓ જ્યારે ખાસ જાય ત્યારેજ દર્શન થાય. અમારા પક્ષે આમ વિચારવું એ કાંઇ બુધ્ધિમન્તા ના ગણાય—કારણ કે જાણે અમારો એ હક્ક દાવો છે એવું બીજોઓને નહિ, પણ મને તો લાગતુંજ. કારણ? પૂ.માનાં દર્શન થતાં મનમાં એવી શાન્તિનો અનુભવ થતો જેવો એક ખૂબ તરસ્યા માણસને પીવાનું પાણી મળી જતાં થાય. એ બધા ઉનાળાના દિવસો સત્સંગો ને શિબિરોમાં પસાર થઈ જતા એટલે તે વખતે બીજા વિચારો આવતા નહિ.

પરંતુ આ વર્ષે પૂ.માનું આયોજન બદલાયું. વરસની શરૂઆતથી જ એવા સમાચારો મળતા રહેતા કે પૂ.માનું આ વર્ષે ઉનાળામાં અમેરિકા આવવાનું આયોજન નથી, આ સમાચારોના પરિણામે પૂ.માના આગમનની પ્રતીક્ષાનો જે આનંદ થતો તે ઝૂટવાઈ ગયો. એમ કહું તો ચાલે કે પૂ.માનાં દર્શન આ વર્ષે નહિ થાય તે વિચાર માત્રથી હું ધ્રૂજી ગયો. એથી અમારા ઘરમાં જાણે એક પ્રકારના શોકનું વાતાવરણ છવાઈ ગયું અને ભાતભાતના આયોજનો વિચારવા લાગ્યાં.

શું આપણે આ ઉનાળામાં પૂ.માનાં દર્શન કરવા ભારત જઈ શકીએ?

પૂ.મા દર્શન માટેનો સંદેશો સ્વર્ગારિહણ મોકલી શકું?

શું આપણે વિનોદકાકાનો સંપર્ક સાધી તેમને પૂછી જોઇએ કે પૂ.મા આ વર્ષે ઉનાળામાં અમેરિકા નથી આવવાનાં તે સમાચાર સાચા છે? પરંતુ શ્રીવિનોદકાકાનો સંપર્ક કેવી રીતે કરવો?

પૂ.માનાં દર્શન વગરનો ઉનાળો કલ્પીજ ના શકાય. પરંતુ તે માટે તો અમારા ભાગ્યને જ દોષ આપ્યા સિવાય બીજું કરી પણ શું શકીએ? એવી એક આશા હતી કે પૂ.મા પોતાનો કાર્યક્રમ બદલી અચાનક આવી અમને સરપ્રાઇઝ આપે, આ અપેક્ષામાં પૂ.માનાં દર્શન વગર એપ્રિલ અને મે મહિના પસાર થઇ ગયા; છતા પૂ. માનાં આવવાના કોઇ વાવડ ન હતા. એમાં બિચારા આ મહિનાઓ શું કરી શકે? પૂ.મા ઉપર એમનું કોઇ શાસન થોડું છે? પૂ.માનું દિવ્ય આયોજન શું છે તે તો પૂ.મા જ જાણે. બીજાઓ એ શી રીતે જાણી શકે?

અત્યાર સુધી મેં જે જાતે માની લીધું હતું કે દર ઉનાળે પૂ.માનાં દર્શન થાય જ. તે સંબંધે પહેલીવાર હું વિચારવા લાગ્યો એના પરિણામે મારો નિસાસો વધુ તીવ્ર બન્યો અને હું શાંત આંતરખોજમાં ડૂબ્યો આ છેલ્લા બે મહિના દરમ્યાન મારા મનમાં વિવિધ પ્રશ્નો ઉઠવા માંડ્યા અને તે અંગે મારા પક્ષે મારે શું કરવું જોઇએ તે હું મનમાં વિચારવા લાગ્યો.

પહેવી વાત એ કે પૂ.માના હેતુઓને સમજવાની પાત્રતા મારામાં નથી. તો પછી મારાથી તેઓને આ પરિસ્થિતિમાં દર્શન આપવા કેમ આગ્રહ કરી શકાય?

તેઓની કૃપા અને દયાની અપેક્ષા માટે મારે ખૂબ આતુરતાપૂર્વક પ્રાર્થના કરવી જોઇએ. મારી પાત્રતા પ્રમાણે મને



મળતું રહે છે. પૂ.માનું ધ્યાન મારા પ્રત્યે દોરાય તે માટે મારે પાત્રતા વધારવી રહી.

સંભવ છે કે ગયા વર્ષ દરમ્યાન મારાથી કંઇ ભૂલો થઇ ગઇ હોય. તેના પરિણામે પૂ.માના દર્શન વિના રહેવાની કિમ્મત મારે ચૂકવવી પડશે.

આવા કંઇ કંઇ વિચારો મારા મનમાં ઊભરાતા રહ્યા પરંતુ આ દબાણ ઓછું કરવા માટે તેઓના શરણે ગયા વગર છૂટકો ન હતો. એટલે મને થયું કે પૂ.મા જે કરતાં હશે, તેમાં મારું ભલું જ હશે. માટે મારે પૂ.માની ઇચ્છાને આધીન થઇ જવું જોઇએ. આવું વિચારતાં જ હું તુર્તજ પ્રાર્થનામાં ડૂબી ગયો.

પૂ.મા પાસે આવા વિચારોને પવિત્ર કાર્યોમાં ફેરવવા માટે ઘણા માર્ગો છે. પૂ.માની કૃપા અને દયા અગાધ છે, તેનો પાર પામી શકાય તેમ નથી એમનાં બધાં જ કાર્યો બીજાઓ માટે ભેટરૂપ બની જાય છે, જેની કદી કલ્પના કે અનુભવ ન કર્યો હોય તેવી વસ્તુઓ જાતે દુઃખ વેઠીને પણ પૂ.મા આપતાં જ રહે છે. પૂ.મા એવું આપે છે કે તે ભેટો જીવનભરના આનંદનું સંભારણું બની રહે. પૂ.મા હૃદય પરનો બધોજ ભાર હળવો કરી દઇ હૃદયમાં એવો આનંદ ભરી દે છે, જેની જીવને ખેવના હોય છે.

૨૩, જૂન.૨૦૧૧ના રોજ અમને જાણવા મળ્યું કે પૂ.મા અમેરિકા પધાર્યાં છે. લાગે છે કે પૂ.માએ અમારા જેવા સહુ ભકતોની પ્રાર્થનાઓ સાંભળી, એથી જ કૃપા કરી અમને જીવનભર યાદ રહી જાય એવું આશ્ચર્ય પોતાના આગમન વડે સર્જવાનું, તેઓએ વિચાર્યું.

એમની કૃપાને લીધેજ અમારા માટે તેઓના દર્શનની શક્યતા એક વાસ્તવિકતા બની ગઇ. મનનો અજંપો શાન્ત થઇ ગયો ને તેના સ્થાને હૃદયમાં પૂ.મા માટે શ્રદ્ધા, પ્રેમ અને આદર છવાઇ ગયાં. આ બે મહિનાઓએ પૂ.માનું મહત્ત્વ મારા જીવનમાં શું છે, તેની મને પ્રતીતિ કરાવી દીધી. તેને લીધે તેઓ મારા જીવનમાં જે કરી રહ્યાં છે, તે બદલ વધુ અહેસાનમંદ બન્યો. પૂ.માના સાન્નિધ્યનું મૂલ્ય મારા જીવનમાં કેટલું બધું છે તે અંગે હું વધું સાવધ બન્યો અને એમના વિનાની ક્ષણ કેવી દુઃખદ હોય છે તે અનુભવ્યું. હે મા, હું ફક્ત એટલી પ્રાર્થના કરી શકું કે કાયમને માટે આ જ રીતે આપ અમારા જીવનને સુશોભિત કરતાં રહેજો.

આપણી સારી ગણાતી નિશાળોમાં અડવું અડવું લાગ્યાં કરે છે. લૂખા, બોડા વર્ગખંડો અને ભારેખમ બેઠકો હોસ્પિટલની યાદ અપાવે છે. જ્યાં બૌદ્ધિક ઓપરેશનો થયા કરે છે.

—રેન્ડોલ્ફ બોર્ન

બાળકોને શબરીની શ્રદ્ધા, હનુમાનની નિષ્ઠા, જટાયુનું ખમીર, એકલવ્યનું સ્વઅધ્યયન, અર્જુનની એકાગ્રતા કે શ્રવણની માતપિતાની સેવાના પાઠો શીખવવા જોઇએ.

ગાંધીજી



# ‘હું રમણાશ્રમ નથી જઇ શક્યો’: ગાંધીજી

**સૂરિ નાગમ્મા**

૩૦, જાન્યુઆરીની રાત્રે જ મહાત્મા ગાંધીના દેહાંતના સમાચાર બધે પહોંચી ગયા. રમણાશ્રમમાં રાતના સમયે સ્ત્રીઓ આશ્રમમાં રહી શક્તી ન હોવાથી મેં એ સમાચાર ઘરે સાંભળ્યા હતા.

હું બીજે દિવસે સવારે સાડાસાત વાગ્યે આશ્રમે ગઇ. રેડીયો પર એક પ્રાર્થના પ્રસારિત થતી હતી. છાપાંમાં ગાંધીજીના મૃત્યુના સમાચાર છપાયા હતા. ભગવાન રમણ મહર્ષિ છાપું વાંચતા હતા. રેડિયોની પ્રાર્થના સાંભળીને ભગવાન બોલ્યા, ‘આ એ લોકોની પ્રાર્થના છે, જેમણે એમના જીવનકાળમાં આ જ રીતે પ્રાર્થના કરી છે. એના પછી **‘વૈષ્ણવજન તો તેને રે કહીએ’** એ પ્રસિદ્ધ ભજન રેડિયો પર પ્રસારિત થયું. જે ભગવાને ગંભીર ઉદાસી સાથે સાંભળ્યું.

પોણા દસ વાગ્યે જ્યારે ભગવાન ફરવા માટે નીકળવાના જ હતા ત્યારે એક પત્રકાર આવ્યો અને એણે ભગવાનને અનુરોધ કર્યો કે તેઓ આ કરુણ બનાવ વિશે પોતાના વિચાર પ્રગટ કરે. ભગવાને રુંધાયેલા ગળે કહ્યું, ‘મહાત્માનું મૃત્યુ જે દુઃખદ રીતે થયું છે, એનો શોક સૌને છે. હું એ વિશે જુદું બીજું શું કહી શકું ? એવું કોણ છે જેને દુઃખ ન થયું હોય ? જો હું કંઇક કહીશ તો તમે તે છાપશો’ અને પછી એક પછી એક લોકો આવીને મને પૂછશે. એ સૌથી શો લાભ ?’ એમ કહી ભગવાને પત્રકારને વિદાય કર્યો અને પોતે ફરવા જતા રહ્યા.

ભગવાન જ્યારે પાછા ફર્યા ત્યારે ફરી એકવાર રેડિયો પર નરસિંહ મહેતાનું ભજન ‘વૈષ્ણવજન તો...’ પ્રસારિત થતું હતું.

**ભગવાનની આંખોમાંથી આંસુ સરી પડ્યાં.**

તે દિવસે બપોરે સાડા ચાર પછી બધી બહેનો **'રઘુપતિ રાઘવ રાજારામ'**ની ધૂન ગાવા માંડી. ભીની આંખે ભગવાને એ ધૂન ચાલુ રાખવાનો ઈશારો કર્યો. ઠીક પાંચ વાગ્યે, શંખ વગાડીને માતૃભૂતેશ્વરના મંદિરમાં મહાત્મા ગાંધીની સ્મૃતિમાં એક વિશેષ આરતી કરવામાં આવી. આરતી આવી એટલે ભગવાને અત્યંત શ્રદ્ધાથી આરતી લઈને કપાળે વિભૂતિ કુંકુમ લગાડ્યાં.

ભગવાને રામાયણનો એક પ્રસંગ સંભળાવ્યો કે, 'રાવણ વધ પછી રામ ભૂલી ગયા કે હવે એમણે વૈકુંઠ જતા રહેવું જોઈએ. એટલે દેવતાઓએ અસરપરસ સલાહ કરીને મૃત્યુના દેવતા યમરાજને પૃથ્વી પર મોકલ્યા. સંન્યાસીના રૂપમાં એ રામ પાસે આવ્યા અને સવિનય નિવેદન કર્યું કે, 'આપ જે કાર્ય માટે આવેલા તે પૂરું થઈ ગયું છે. કૃપયા હવે સ્વર્ગમાં પધારો.'

આ (ગાંધીજીના દેહાંતનું) પણ એવું જ છે 'સ્વરાજ પ્રાપ્ત થઈ ગયું છે. આપ હજી સુધી અહીં કેમ છો ? તમારે પાછા ન જવું જોઈએ? બહું મોડું થઈ ગયું છે.' અને આ રીતે મહાત્માજીને મોકલી દેવાયા હોય એવું લાગે છે.

મેં પૂછ્યું,'ભગવાન! તમે રામ સંબંધી જે કથા હમણાં સંભળાવી તે 'ઉત્તર રામાયણ'માં છે ને ?'

ભગવાને કર્યું, 'હા, પણ માત્ર એમાં જ નહિ કોઈ બીજાં પુસ્તકમાં પણ ઉલ્લેખ છે કે વ્યાધનું તીર કૃષ્ણ ભગવાનના મૃત્યુનું કારણ થયું. એ જ રીતે મહાત્મા ગાંધી સાથે થયું.'

એક જણે ખેદ વ્યક્ત કર્યો કે ગાંધીજી અને ભગવાન રમણ મહર્ષિ વચ્ચે ક્યારેય કોઈ મુલાકાત ન થઈ શકી.

ભગવાને કહ્યું, થોડા સમય પહેલાં એ તિરુવણમલ્લૈ આવેલા. આશ્રમની પાછળ અરુણાચલ પર્વતનો જે માર્ગ ત્યાં એમની મિટિંગ રાખવામાં આવેલી. લોકોને હતું કે પાછાં વળતાં



એ આશ્રમે આવશે, પણ લોકોની ભીડે એમને એવા તો ઘેરી લીધા કે આવી ન શક્યા અને સીધા રેલવે સ્ટેશન ગયાં.

એવું સાંભળવા મળ્યું છે કે પાછાળથી એમને એનો બહુ અફસોસ થયો હતો. શંકરલાલ બેકરની બહુ ઈચ્છા હતી કે ગાંધીજીને અહીં લાવવા. સને.૧૯૩૮માં જ્યારે બાબુ રાજેન્દ્રપ્રસાદ અને જમનાલાલ બજાજ અહીં આવ્યા અને એમણે સ્કંદાશ્રમ જોયો ત્યારે એમણે એ વાતનો પ્રયત્ન કર્યો કે મહાત્માજીને થોડા દિવસ અહીં રહેવા માટે તૈયાર કરવા, પરંતુ એવું બની ન શક્યું.

સાબરમતી આશ્રમ કે વર્ધાના આશ્રમમાં કોઈ ઉદાસ હોય કે માનસિક નિરાશાની સ્થિતિમાં હોય તો મહાત્મા ગાંધી એને કહેતા કે 'જાઓ, એક મહિનો રમણાશ્રમ જઈને રહી આવો.' રામાસ્વામી રેટ્ટિયાર મદ્રાસના મુખ્યમંત્રીનું પદ ગ્રહણ કરીને તરત જ જ્યારે મહાત્મા ગાંધીને મળવા ગયા ત્યારે એમણે પૂછ્યું કે 'કેટલા સમયથી રમણાશ્રમ જાઓ છો ?' જ્યારે રેટ્ટિએ કહ્યું કે પાછલાં ૩૦ વર્ષથી, તો મહાત્માજી બોલ્યા,

'અચ્છા! **હું તો ત્રણવાર પ્રયત્ન કરી ચૂક્યો પણ હજી સુધી રમણાશ્રમ નથી જઈ શક્યો.'**

મહાત્મા શું કરે! લોકો એમને એક ક્ષણ માટે પણ એકલા છોડતા ન હતા, પછી ભલા એ અહીં કેવી રીતે આવી શકત ?

આજનાં છાપામાં ભગવાને એક રિપોર્ટ વાંચ્યો કે મહાત્માજીને મૃત્યુ પૂર્વેની રાતના સપનામાં પોતાના અંતિમ સમયનો અંદેશો આવી ગયેલો. એટલે જ તે દિવસે પ્રાર્થનામાં આવતાં પહેલાં બાકી રહેલાં બધા પત્રો પૂરા કરી લીધેલા. જેના કારણે એમને મોડું થયેલું. ભગવાને ટિપ્પણી કરી,'જ્ઞાનીને શું એટલું પણ પૂર્વાનુમાન ન હોય ? એ જાણી જાય પણ બીજાને કહે નહિ!'

# જન્મદિન નિમિત્તે પૂ.માને શું અર્પણ કરી શકીએ?

નારાયણ હ જાની

સામાન્ય રીતે એવું બને છે કે જ્યારે કોઇપણ સાધક વ્યક્તિ કોઇ આશ્રમમાં સાધના માટે જાય, ત્યારે તે પોતાનો ઘણો બધો સમય પોતે સ્વીકારેલા સાધનભજનમાં વિતાવે છે. પરંતુ પોતાના રોજીંદા વ્યાહવારિક જીવનમાં ઘરે પાછો ફરતાં, તેની સાધનાત્મક પ્રવૃત્તિમાં શિથિલતા આવે છે. એમાં ઘણી વ્યક્તિઓની ઇચ્છા હોવા છતાં સાંસારિક જવાબદારીઓ અદા કરવામાં તેઓનો ઘણો બધો સમય ખર્ચાઇ જતો હોય છે પરિણામે સાધનાત્મક પ્રવૃત્તિ મંદ પડી જાય છે.

આમ છતાં આપણે જોઇએ છીએ કે શ્રાવણ માસ, નવરાત્રિ કે પર્યુષણ દરમ્યાન માણસો વિશેષ વ્રતો ને નિયમો સ્વૈચ્છિક રીતે સ્વીકારી પૂરા કરતાં હોય છે. કારણ! એમના મને તે અંગે સ્વીકાર કરી લીધો હોય છે. એટલે પોતાનાં વ્રતો કે નિયમો પૂરા કરવામાં તેઓ જાગ્રત રહી જરૂરી સમય કાઢી લે છે. પરંતુ થોડા સમય પૂરતી આવતી આ જાગૃત્તિ કે સભાનત્તા શું કાયમની ના બનાવી શકાય ? જરૂર બનાવી શકાય. પરંતુ એ પણ એટલુંજ સાચું છે કે બધા માણસો માટે તે શક્ય ન બની શકે. કિન્તુ જો સાધક જાગ્રત બની પ્રયાસ કરે તો તે જરૂર શક્ય બની જાય. આ માટે સાધકને કંઇક કારણ મળી જાય, તો તે નિયમ લઇ તે પૂરા કરવામાં લાગી જાય છે.

થોડા વખત પહેલાં સ્વર્ગારોહણના સંચાલકો તરફથી



સાધકોને જાણ કરવામાં આવેલી કે તા.૧૫ ઓગષ્ટ સુધીમાં ૧૧૧ પૂ.મા પ્રભુની બાવનીઓ પૂરી કરવાનો સંકલ્પ કરી અમલ કરે. તો અમને જણાવતાં આનંદ થાય છે કે સાતસો ઉપરાંત ભાઇબહેનોએ તે ૧૧૧ બાવનીઓ પૂરી કરી, ટ્રસ્ટને જાણ કરી. કેવું અદ્‌ભુત કહેવાય! પૂ.માના ભક્તો જાણે છે કે પૂ.મા આપણને કેટલું બધું આપતાં રહે છે અને આપણા આધ્યાત્મિક કલ્યાણ ઉત્થાન માટે સતત જાગ્રત રહી પુરુષાર્થ કરતાં રહે છે. તો પૂ.માને આપણે શું આપી શકીએ?

પૂ.માને કોઇ ભૌતિક વસ્તુ કે સંપત્તિ આકર્ષી શકતી નથી. તેથી તેઓને ભેટ સોગાદો ખપતાં નથી. તો પછી આપણી પાસે તેઓને આપવાનું શું બાકી રહે છે? એક મનજ. એમના કે પ્રભુના નામ સ્મરણ દ્વારા આપણે તેઓને આપણું મન આપી શકીએ. પણ તે શી રીતે બને?

બને, જરૂર બને, જો આપણે થોડા જાગૃત થઇ સહેજ નવરા પડતાં પૂ.માને યાદ કરતાં રહીએ તો. જરા વિચારો. આપણે આખા દિવસમાં શું એટલા બધા કામમાં વ્યસ્ત કે રોકાયેલાં હોઇએ છીએ કે આપણે કે આપણું મન ફાજલ પાડી થોડો સમય માટે પૂ.મા કે પ્રભુને યાદ ના કરી શકે? કેટલીય નકામી વાતોમા નકામાં સંબંધોમાં—સમય વેડફતાં હોઇએ છીએ. શું એ સાંસારિક પ્રવૃત્તિઓથી અળગા રહી, આપણે પૂ.મા કે પ્રભુને યાદ ના કરી શકીએ?

જરૂર કરી શકીએ, જો આપણને તેઓ પ્રત્યે પ્રેમ હોય તો. આવો પ્રેમ જાગે તો જીવન સાચે જ ધન્ય બની જાય.

પણ તે પૂર્વજન્મનાં સત્કર્મોના સંસ્કારો સિવાય શક્ય નથી. તો શું કરવું? આપણે નિરાશ થઇ બેસી રહેવું કે આપણા માટે તે

શક્ય છે જ નહીં!

ના. શક્ય છે. જરૂર શક્ય છે. તે માટે શરૂમાં સહેજ પણ નવરા પડો એટલે યાદ કરો કે પૂ.મા પોતાની ૩૩૪ માળાઓ શી રીતે કરતાં હશે?

આપણે તો એટલી બધી નથી કરવાની, સિવાય કે કેવળ પ્રભુપ્રાપ્તિનો ભેખ લઇ એક ઠેકાણે બેસી ગયા હોઇએ; કારણ કે તેમાં તો આઠ—નવ કલાક ઓછામાં ઓછા લાગે—જે સંસારમાં રહી આપણા માટે કાઢવા અઘરા અથવા મુશ્કેલ પડે.

પરંતુ એક કામ જરૂર કરી શકીએ. દિવસના બે ત્રણ કલાક તો કાઢી શકાય. થોડો ઊંઘમાં કાપ મૂકીને, થોડાં એવાં કામ જેમાં હાથથી કામ થતાં રહે ને મનથી સ્મરણ થતું રહે, નકામી વાતો કે વધુ પડતા ટી.વી. કાર્યક્રમો નીહાળવાનું ટાળીને તે કરી શકાય. દરેકે પોતાના જીવનમાં અપનાવેલ વ્યવસાય કે પ્રવૃત્તિમાંથી પ્રભુસ્મરણ માટે સમય કેવી રીતે કઢાય તે શોધી કાઢવું જરૂરી છે.

અમે ઇચ્છીએ કે હાલે તે અંગે તુરત ન કરો, તો તે અંગે વિચારો તોપણ ઘણું છે. વિચારશો તો જાગૃત્તિ આવશે. ને કદીક તેનો અમલ કરવાની પ્રવૃત્તિ પણ થશે. જે લોકો વિચારતા નથી, તે કદી જાગતા નથી.

આવતી ૧૩મી નવેમ્બરે પૂ.માને ૬૮ વર્ષ પૂરાં થાય છે. તો આપણે તેમના જન્મદિન નિમિત્તે તેઓનાં ચરણોમાં શું ધરી શકીએ? એમને વધુ પ્રિય એવા જપ.

પૂ.માને જો સૌથી પ્રિય હોય તો જપ છે. એટલે તો કેટલાંય વર્ષો સુધી એકધારા જપ કરીને પોતાના ૧૩ કરોડના જપનો સંકલ્પ તેઓએ પૂરો કર્યો છે. તમોને આ તેર કરોડ એ શું



કહેવાય તેનો ખ્યાલ તો જ આવશે જો તમે એકાદ લાખ માટેનો સંકલ્પ કરી, તે પૂરો કરવામાં કેટલો પરિશ્રમ ને જાગૃત્તિ રાખવાં પડે છે, તે જાતે અનુભલશો તો.

તેથી તો સ્વર્ગારોહણના સંચાલક ભાઈઓએ સાધકોને વિનંતિ કરી છે કે શક્ય હોય તો રોજની ૬૮ માળાઓ પૂરી કરી પૂ.માને ચરણે તેમના જન્મદિને એ બધું આપણે અર્પણ કરી પ્રભુકૃપા અને પૂ.માની પ્રસન્નતા પ્રાપ્ત કરી લઈએ.

યોગેશ્વર પરિવાર સિવાયના કોઇ વાંચકને આધ્યાત્મિક માર્ગે જપ દ્વારા પ્રગતિ કરવી હોય તો પોતાના ઈષ્ટદેવનો જપ કરી શકે છે. ભલામણ એ છે કે મંત્ર જેમ બને તેમ ટૂંકો હશે તો જપ સંખ્યાનું લક્ષ્ય જલદી પૂરું થશે. એટલું યાદ રહે કે પ્રભુનાં બધાં જ નામ એક ભગવાનનાં જ છે પછી ભલે તે વિષ્ણુ, શંકર, રામ, કૃષ્ણ, જગદંબા, માકાલી, હનુમાન, ગણપતિ કે કેવળ ૐ હોય. પાતંજલ યોગદર્શનમાં ૐને ઈશ્વરના પ્રતીક રૂપ માની તેના જપ ભાવદર્શનની પાત કરવામાં આવી છે. આ રહ્યાં તે સૂત્રો-

**प्रणवः तस्य वाचकः ।**

**तज्जपः तदर्थभावनम् ।**

આજના કળિયુગમાં નામજપનું મહત્ત્વ ખૂબ જ આંકવામાં આવ્યું છે. પ્રભુનાં આ દિવ્ય નામો—પ્રભુ જે અતિ સૂક્ષ્મ હોઇ અદશ્ય લાગે છે, તેની સાથે માનવને જોડવાનું સામર્થ્ય ધરાવે છે. એક વાત સાચી કે જે સૂક્ષ્મ છે, તેના અસ્તિત્વમાં શ્રદ્ધા તો જરૂર રાખવી પડશે. તો જ પ્રારંભ થશે નહીં તો કશું શક્ય નહીં બને.

વિજ્ઞાન અને વધારે પડતા ભૌતિકવાદે આપણને એટલા બધા બહિર્મુખ બનાવી દીધા છે કે જે જોઇ કે ઇન્દ્રિયોથી

અનુભવી શકાય, તેનેજ સાચુ માની ચાલીએ છીએ. અરે, પ્રભુમાં તો શું? પોતાનામાં રહેલા સૂક્ષ્મ આત્મતત્ત્વને પણ સ્વીકારવા કે તે પ્રત્યે અભિમુખ થવા માણસો તત્પર નથી. પરંતુ જ્યારે મૃત્યુ આવે છે ત્યારે તેની સામે તેઓની લાચારી પ્રગટ થઇ જાય છે.

એટલે મૂળ વાત એ જ કે જપ કરો, ખૂબ જપ કરો. અને જે ગુરુ કે પ્રભુના સ્વરૂપમાં શ્રદ્ધા ધરાવતા હોવ, તેને તે અર્પણ કરો. પછી જુઓ, જીવનમાં કેવો બદલાવ આવે છે. કેવો ચમત્કાર સર્જાય છે!

મારે મન સાહિત્ય એ વ્યક્તિના સાચા સંસ્કારોનો માપદંડ છે, વિનય, વિવેક, પ્રફૂલ્લતા, નિષ્ઠા જેવા ગુણોના વર્ધનમાં સત્સાહિત્ય જેટલું ઉપકાર પરિબળ બીજું કોઇ નથી. સારાં પુસ્તકો એ મહત્ત્વની મૂડી છે. જેનો લાભ પોતાને અને પોતાના મિત્રો, સ્વજનો અને પિરવારને પણ મળે છે.

—બર્ટાન્ડ રસેલ

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧



# પ્રાર્થનાનો ચમત્કાર

**ધૂની માંડલિયા**

(વર્ષો પહેલાં શ્રી ધૂની માંડલિયા—અમદાવાદના કોઇ અખબારના ખબરપત્રી તરીકે પૂ.મહાત્મા શ્રી યોગેશ્વરજીને મળવા ભાવનગરમાં અમારે ત્યાં આવેલા, તે મને યાદ છે. જીવનમાં તેમનો અભિગમ આધ્યાત્મિક છે, એટલે તો તેઓ પૂ.શ્રી પાસે આવેલા .

તેઓના આવાજ પ્રસંગ લેખો અમે અધ્યાત્મમાં છાપ્યા છે, તેવું સ્મૃત્તિમાં છે.

અમેરિકા નિવાસી શ્રી છગનભાઇ બી. ભક્તે તેમના પત્ર સાથે અમને આ લેખ મોકલાવેલ છે જે ગુજરાત ટાઇમ્સ,જૂન ૨ ૨૦૦૬માં છપાયેલ. તે આજે પણ વાંચકને પ્રેરણાસ્પદ હોવાથી સાભાર પ્રસિધ્ધ કરેલ છે.

શ્રી ધૂનીભાઇ કવિ ને પત્રકાર છે, ને હાલ પરદેશમાં વસતા હોય એમ લાગે છે. —તંત્રી)

અમેરિકાની જ્યોર્જટાઉન મેડિકલ સ્કૂલના પ્રોફેસર ડો. ડેઇલ મેથ્યુઝે ટાંક્યું છે કે પ્રાચીન કાળની ઘણી સંસ્કૃતિઓમાં શ્રદ્ધા અને વિશ્વાસ દ્વારા ચિકિત્સાની પ્રણાલિકા વિકસી હતી વિજ્ઞાનના વિકાસની સાથે આ પરંપરા ઘસાતી ગઇ હતી. સદ્ભાગ્યે આજે ફરી એ તરફ ધ્યાન દોરાયું છે. આધુનિક વિજ્ઞાન, હવે તબીબી સારવારમાં શ્રદ્ધા અને પ્રભુપ્રાર્થના જેવી જીવનના આધારસમી લાગણીઓ ઉપયોગી બની રહે છે એવું સ્વીકારવા તરફ પગ માંડી રહ્યું છે. ધર્મ કે અધ્યાત્મને અને વિજ્ઞાન વચ્ચે ભલે અંતર દેખાતું હોય, પરંતુ વાસ્તવમાં બન્ને વચ્ચે ગાઢ સંબંધ છે.

એક ભારતીય દંપતી બે માસ માટે લંડનના પ્રવાસે આવ્યું હતું. આ દંપતી નિકટના મિત્રને ત્યાં ઊતર્યું હતું. તેમની મોટરકાર લઈને આ દંપતી ફરવા નીકળ્યું હતું. રસ્તામાં એમને એક ખતરનાક અકસ્માત નડ્યો. મિત્રની કારના ફુરચા ઊડી ગયા. બન્ને માંડ માંડ બચ્યાં હતાં. ગંભીર રીતે ઘવાયાં હતાં. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં. ડોક્ટરોની ભારે જહેમતે તેમને બચાવી તો લીધાં. પરંતુ ડોક્ટરોનો અભિપ્રાય હતો કે આ દંપતી લાંબું જીવી નહિ શકે. તેમના મતે દંપતી માત્ર અંતને જ લંબાવી રહ્યું હતું. બન્ને ભાનમાં આવ્યાં ત્યારે તબીબોએ તેમની ડામાડોળ જિંદગી વિશે પેટ છૂટી વાત કરી. જેટલા દિવસ તેઓ જીવે તેટલા દિવસ પથારી જ તેમનો આશરો હતો.ચાલી શકે તેવાં કોઈ ચિહ્નો દેખાતાં ન હતાં. હવે આ છેલ્લા દિવસો વિદેશી ભૂમિ પર સડવાને બદલે ભારત પાછાં ફરે એ જ ઠીક છે એવી ડોક્ટરોની સલાહ હતી. દંપતીએ પણ વિચાર્યું કે વતનમાં જઈ પ્રભુપ્રાર્થના કરતાં કરતાં શ્વાસ છોડીએ એ જ ઠીક છે અને એ ભારત પાછાં ફર્યાં.

ઘરે આવ્યા પછી દંપતીએ વિચાર્યું કે જેટલું આયખુ બચ્યું છે એની એકેક પળ પ્રભુ–પ્રાર્થનામાં જ વિતાવવી. બન્નેએ પરમાત્મા સાથે રીતસર તાદાત્મ્ય સાધવાની કોશિશ શરૂ કરી. પ્રાર્થનામય જીવન શરૂ કર્યું. હતાશા ખંખેરી નાખી. પ્રભુ પર શ્રદ્ધા રાખી સુકાન પ્રભુને સોંપ્યું. દર્દ ભુલાવા માંડ્યું. પીડાનો અહેસાસ ઓછો થતો રહ્યો. ધીમે ધીમે શરીર અને મનમાં ઊર્જાનો આવિષ્કાર થઈ રહ્યો હોય એવું લાગ્યું. વગર દવાએ સ્વસ્થતાનો અનુભવ થવા લાગ્યો. કદી ચાલી નહિ શકે તેવું પ્રમાણપત્ર લઈ આવનાર આ દંપતી એક જ મહિના પછી પોતાના પગ ઉપર ઊભું રહેવા લાગ્યું. એમને એમની પ્રાર્થના



થેરપી ફળતી હોય એવું લાગ્યું. અને એકાદ વર્ષમાં તો પોતાની રાબેતા મુજબની જિંદગીના પાટે ચડી ગયાં. લંડનસ્થિત મિત્રે ડોક્ટરોને આ ચમત્કારિક પરિણામની વાત કરી તો ડોક્ટરો પણ વિચારમાં પડી ગયા.

કેટલાક રોગોને આપણે મનોશારીરિક રોગો તરીકે ઓળખીએ છીએ, જેની સારવારમાં ઔષધો ઉપરાંત મનોપચાર અને મનોચિકિત્સા જરૂરી બને છે. મનોવિજ્ઞાન કહે છે તેમ પ્રાર્થનામાં શ્રદ્ધા અને વિશ્વાસને કારણે એક પ્રકારનો આશાવાદ હોય છે. આ આશાવાદ મનને પ્રફુલ્લિત અને કાર્યશીલ રાખે છે. પાર્થના ધીમે ધીમે આત્મવિશ્વાસ પ્રગટાવે છે. રોગ સામે ઝઝુમવાની આગવી ઉર્જા વ્યકિતમાં પેદા થાય છે.

પથ્થરને આપણે જડ સમજીએ છીએ, પરંતુ કેટલાં ચેતનોને એ પ્રેરણા આપે છે? કેટલાં બધા લોકો તેની પૂજા કરે છે. તે એટલા માટે કે એમાં ગુપ્ત ચેતન છે. ઈશ્વરના નામની એક સ્વંયભૂ શક્તિ હોય છે તેથી નામસ્મરણથી ચમત્કાર પણ થાય.

આપણાં રોગ કે પીડાનું કારણ આપણે પામરની પાછળ પડીએ છીએ એ છે. આપણે એવી વ્યક્તિમાં શ્રદ્ધા પરોવી દઈએ છીએ, જેનો પ્રેમ સ્થાયી નથી. કામચલાઉ છે. આપણે જો પ્રભુને આપણો પરમ મિત્ર બનાવી શકીએ તો તકવાદી કે તકલાદી માણસોથી છેતરાવાનું ઓછું બનશે. આપણે વિકલ્પોના વનમાં ઘાયલ હરણાની જેમ ભટકીએ છીએ, પણ સંકલ્પના કલ્પવૃક્ષ નીચે બેસતા નથી. પ્રભું પરની આપણી શ્રદ્ધા માટીની નહી સોનાની હોવી જોઈએ.

ઓશો કહે છે તેમ આપણે પત્ર તો પ્રભુને લખીએ છીએ, પરંતુ સરનામું સંસારનું કરીએ છીએ. પછી પીડાની જાણ કરતો પત્ર પ્રભુને ક્યાથી પહોચે!

# પ.પૂ.શ્રી સર્વેશ્વરીની પનામા—યાત્રા

(ગતાંકથી ચાલુ) —મા સર્વેશ્વરી

**તા. ૦૧—૮—૦૫ સોમવાર**

હે હરિ, આપનો જ સર્વત્ર લીલાવિહાર વિલોક્તા વિલોક્તા વરસો વીતી ગયાં. હવે તો દઢ વિશ્વાસ છે કે આપ આપની ધીરેલી યોજના આપની રીતે જ પાર પાડો છો.

પાનામા પણ માને આપે જ પધરાવ્યા અને ભક્તોને પણ આપે જ પધરાવ્યા. તો પનામાના યજમાન પરિવારોને પણ આપે જ અહીં પ્રગટાવ્યા. ભક્તિભાવની જ્યોતને પણ આપેજ પ્રજ્વલિત કરી.

મા જાણેજ છે કે આ ભગીરથ કાર્ય આપ સિવાય કોઇ ના કરી શકે. એથી જ આપના પાવન શ્રી ચરણોમાં પ્રણામ પ્રણામ પ્રણામ.

પ્રભુ આજથી આપની સત્સંગ યાત્રાનો સમારંભ પ્રારંભ પામશે. આપ જ પૂર્ણ પણ કરશોજને.

પ્રારંભે પ્રણામ, મધ્યમાં પ્રણામ, પૂર્ણાહૂતિએ પ્રણામ. સમય સમયના પ્રણામ. ક્ષણક્ષણના પ્રણામ. આ ધરતીને પણ પ્રણામ. આ ભક્ત પરિવારને પણ પ્રણામ. આ વર્ષને પણ પ્રણામ. આ માસને પણ પ્રણામ. આ વારને પણ પ્રણામ સર્વત્ર પ્રણામ પ્રણામ પ્રણામ.

પ્રણામથી પ્રસન્ન થનારા પ્રભુ, પ્રણામ.

કાર્યક્રમ સમયસર પ્રારંભ પામ્યો છે. મા સમયસર સમૂહ પ્રણામ માટે હોલ ઉપર પહોંચે છે. દિવ્યેશ પોતાની ગાડીમાં પહોંચાડે છે. ૫ મિનિટમાં તો પહોંચી ગયા.

ફોન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮



મા ઉતરે છે. શંખનાદ સંભળાય છે. અંદર સૌ શાંતિથી બેઠા છે. પ્રભાતવંદના પૂર્ણ થઇ છે. પ્રણામ માટે લાલ જાજમ ઉપરથી મા પસાર થાય છે. આસપાસ આખી પગદંડી ઉપર દીવડા પ્રગટાવ્યા છે.

સમુહ પ્રણામ થાય છે. મંચ ઉપર પૂ.શ્રી ને માનું પેઇન્ટિંગ વાદળા વચ્ચે મુકાયું છે. સરસ કલાત્મક છે. મુખાકૃતિ સારી છે.

હોલમાં ૨૫૦ ભક્તો હાજર છે. સૌને મા પૂ.શ્રીના બિલ્લા ધરી સાકર પણ સ્વાગતમાં અપાઇ છે.

પહેલી બેઠકમાં સમાજના અગ્રણી શ્રી ધનજીભાઇ સ્વાગતનો વાર્તાલાપ આપે છે. બે દ્દષ્ટાંત સાથે માને સરસ અંજલિ આપી છે. ધ્યાન, પૂ.શ્રીનું પ્રવચન, પ્રશ્નોત્તરી પણ છે.

બધા જ કાર્યક્રમ સમયસર થયા છે. પ્રશ્નો નીચે મુજબના હતા.

૧) ખેચરી મુદ્રા વિશે જાણવું છે.

૨) સ્તુતિ અને આરતીમાં શો ફેર?

૩) તમારી કલમે શક્તિ જે છે તે પ્રગટે છે કે અદશ્ય રીતે કામ કરે છે.

૪) અમે ભાવથી જે પૂજા કરીએ તે તે પ્રભુને પહોંચે છે?

૫) આપને મૌન છે છતાં કેમ જગત આકર્ષાય છે?

માએ પ્રત્યુત્તર વિસ્તારથી આપ્યા છે. જે રેકોર્ડિંગ અનિલભાઇ, હિતેશભાઇ, વિનુભાઇના ત્રણ કેમેરામાં થયા છે.

જેથી ટૂંકમાં તે પ્રત્યુત્તર જોઇએ.

૧) જીભની નીચેની નસને કાપીને દિવસો સુધી માખણથી દોહન કરી જીભ લાંબી કરીને તેને તાલુ પ્રદેશે લગાડીને એકાગ્રતા માટે ઉપયોગ કરે છે. લાંબે ગાળે દિવ્યરસ ને સમાધિ પ્રાપ્ત થાય.

૨)સ્તુતિ ને આરતી બન્ને રીતે પ્રભુની પ્રશંસા કરી પ્રસન્નતા પ્રાપ્ત કરવાની છે.

૩) હવા જેમ દેખાતી નથી છતાં અનુભવાય છે. કરન્ટ દેખાતો નથી છતાં અનુભવાય છે. એ રીતે કલમે શ્રી હરિ વિરાજી એની શક્તિ લેખન દ્વારા અનુભવાય છે.

લકવો થઇ જાય તો અચાનક તે વહેતી શક્તિ કેવી વેકેશન ઉપર ઉતરી જાય ત્યારે યાદ આવે કે હલનચલન કરનાર એક શક્તિ છે.

૪) ભાવથી કરેલું માનસિક પૂજાનું વહન પ્રભુને પહોંચે છે.

અમે સ્વરૂપ સામે જ નવ—નવ વરસ પ્રાર્થના કરી તો પછી તે સંભળાવા માંડી.

એ રીતે શિરડી સાંઇનાથની પણ કૃપા અનુભવવા મળી. હોઠમાંથી પ્રગટ થતા શબ્દો ને હાસ્ય અનુભવવા મળ્યા હતા.

૫) એ.સી. ક્યાં કંકોત્રી લખે છે કે આવો. આપોઆપ તાપથી બચવા સામેથી એ.સી. પાસે આવો છો. બજારમાં સીનેમાનું ગીત વાગે તો કેવું ટોળું ત્યાં ઊભું રહી જાય છે.

આપોઆપ આકર્ષાય છે. પાત્ર હોય તેનાં હૃદય ઝંકૃત થઇ જાય છે.

મૌનવ્રત પછી પ્રથમવાર જાહેર પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પ્રારંભ પામ્યો છે. પ્રભુની ઇચ્છા.

બપોરની બેઠક કાર્યક્રમ પ્રમાણે થઇ. શ્રીગુલાબબહેને પોતે પૂ.શ્રીના ક્યારે, ક્યાં કેવી રીતે દર્શન કર્યાં તેની વાતો કરે છે.

આજે બેઠકને અંતે મા મંચ ઉપર જ બેઠાં છે. સૌ પ્રણામ મંચ નીચેથી કરી લે છે.

અહીં એક વિશેષતા જાણવા મળી કે લગભગ ૨૫, ૩૦ નાનકડી બહેનો ૧૧, ૧૧, ૨૫, ૧૦ કે ૫, ૫ પ્રણામ કરતી



હતી. શ્રદ્ધાભક્તિનું જાણે એક અનોખું પર્વ અહીં માણવા મળે છે.

આજે ૪૦૦ ભક્તો સાંજની બેઠકમાં હતા. ભોજન ઉપરથી એ સંખ્યા ગણી શકાય છે.

દિવસ પૂર્ણ થયો. સરસ, સમયસર, શિસ્ત સાથે પ્રભુની જ એ યોજના છે.

કેલગરી આ વરસે બંધ રહ્યો પ્રોગ્રામ તો શ્રી હરિએ પનામાનું નવું દ્વાર સત્સંગયાત્રાનું ગોઠવ્યું.

હે હરિ, આપે જ્યાં જ્યાં જે જે રીતે સત્સંગનો લાભ અપાવવો છે તે આપ અપાવો જ.

આજે પ્રથમ જાહેર કાર્યક્રમ એક પણ નાની ચિંતા વિના પૂર્ણ થયો. જાણે હવે માની ક્યાંયે જરૂર ના પડે એ રીતે સૌ ટેવાઇ ગયા લાગે છે.

તો સૌ પોતાની રીતે સરસ આયોજન માના પરોક્ષ માર્ગદર્શનથી કરી રહ્યા છે. તો હે હરિ, એક જ પ્રાર્થના છે કે દર્શન દઇને સમાવી લોની પરમ મંગલકારક યોજનાનો હવે પ્રારંભ કરી દો.

થોડી સાધના કરાવી લો. થોડા વ્રત, તપ, કરાવી લો. પાત્રતા વધારી દો ને પછી આપની સર્વ યોજનાઓ પ્રારંભ કરી દો.

હે હરિ, આપ સતત હાજર છો તો જ આ વિદેશની ધરતી ઉપર સૌ સાધકો સલામત રીતે આવી શક્યા છે.

આજે જગદીપ, નયના, પૂજા, રંજન, ઉમેશ આવી ગયા છે.

સૌને આપ જ લાવો છે. રાખો છો. સત્સંગનું સુખ આપો છો. આપ સૌને આશીર્વાદ આપો. સૌનું સર્વપ્રકારે મંગલ કરો. સૌનું સર્વપ્રકારે કલ્યાણ કરો. પ્રભુ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રભપ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ. (ક્રમશ:)

# VanParva–2007

In continuation of the last issue

**Nithi Bhatt**

In the article Van Parva, 2007, (Page 13 of August, 2011 issue) the subtitle of the article "a good piece of literary talent" has been misplaed in the first line after the word exhilatering, which does not make any sence. The mistake of the printer is regretted) **Editor**

It is a great fortune to be with MAA during the auspicious times of Navaratri. It is right said that good luck is nothing more than a marriage of preparation with opportunity. Our preparation is to find time out busy lives and attend such Shibirs, which provide a good opportunity for us to dedicate sometime engaging ourselves in spiritual activities. When the divine intersection of this auspicious festival with the presence of MAA takes place, Garba is sure to follow. We all enjoyed playing Garbe on dhuns and bavanis of MAA and Prabhu.

Just as Lord Krishna used to play pranks with the Gopis in Vrindavan, MAA also kept us quite engaged with her unique way of performing Leelas. During the Shibir, MAA once took us



to the bank of the nearby lake. It was an exquisite combination of divinity with nature, the two holy mothers in whose lap we always feel serene and relaxed. MAA held a Q & A session that lasted for about 30 minutes and provided a good platform for the devotees to ask questions pertaining to different facets of life get their doubts clarified.

The evenings were usually spent in chanting the different chapters of shri Yogeshwar Leelamurt. MAA always strives for the betterment and upliftment of her children. She always stresses on chanting the name of the almighty and doing activities to please the almighty especially during such auspicious times. By using wonderful analogies, she conveys her messages in an effective way. She gave a very good example of a lotus flower who opens its petals every morning upon the first rays of the sun. In a similar way we all have to move forward and put diligent efforts to make progress in our life while carrying out worldly activites. It is true that sometimes we get so much deeply engrossed in our day to day lives and eventually get stressed out during which such shibirs come to our rescue and rejuvenate us.

Two very important points that MAA ex-

pressed during the Shibir were to respect everyone around us including the elements and to take every situation positively without complaining too much about it. Since it was the onset of all season, temperaturs in the east coast start setting down. The Shibir site was very windy and chilly. MAA said that wind and cold are the two guests everyone has to welcome willingly or unwillingly. They are waiting outside the Satsag Hall to greet everyone and give an uncomfortable hug. It is important to note here that MAA is acknowledging their existence with due respect by entitling them as deities. Regarding the second point, one morning, electricity went off and a generator had to be started to keep the morning activities ongoing. After the Pranams and morning prayers, MAA addressed to everyone by giving her gentle advice that we should treat every situation as a gift/Prasad from God. She gave an example of saints who perform penance and austerities for years in order to attain God. We are not even facing a smallest fraction of it. So we should be thankful to God and live cheerfully.

One of the divine traits saints is to take all the discomforts unto themselves and render as much comfort and peace to their devotees as



possible. We all have seen this quality in MAA. During the Shibir, on the midst of uncomfortable weather, MAA was staying in RV(Recreational Vehicle, which is a small mobile home used during long family road trips). The devotees were staying in relatively big and comfortable rooms. It is indeed an utopia of Mother’s Love!!!!

To summarize, my overall Shibir experience was very pleasant and fun as always and I carried home with me the lost rhythm of life which I rediscovered while being with MAA, not to mention about loads of Prasad and an etemal bond of protection that she tied on my hand. Tears started rolling down my cheeks and I cannot describe in words about my emotions at that time. It was kind of a mental floss and a spiritual bath for me after being overwhelmed with heat, perspiration, and fatigue of the materialistic life!! I sincerely thank Shri Vinodkaka and Sarojmasi for organizing this Shibir and giving me an opportunity to be a part of it. I also thank all those who gave me a ride to and from the Van parva site. I feel that I celebrated Navaratri in Heaven. O dear MAA, shower your blessings on us and keep enlightening us by bringing us to such heavenly abodes on earth!!! I bow down to you a thousand times!!!

# સુસંવાદિતા

ડૉ. પ્રકાશ ગજ્જર

આપણને ઘણીવાર એવું લાગતું હોય છે કે જાણે જીવનમાં એકદમ વિસંવાદિતા આવી ગઇ છે. બધું તાલમેલ વગરનું લાગે, કશી જ સંવાદિતા અને સુમેળનો અનુભવ થાય જ નહીં. જિંદગી જાણે વિકેન્દ્રિત બની ગઇ હોય એવું થયા કરે.

તો સંવાદિતા સાધવા માટે શું કરવું જોઇએ? અલબત્ત, પ્રાર્થનામાં તલ્લીન થવાનો પ્રયાસ કરવો જોઇએ. આપણા જીવનના વેરવિખેર થયેલા તંતૂઓને, પરિબળોને એ કેન્દ્રિત કરે છે. આપણી અંદર પૂર્ણતાનું જે કેન્દ્ર છે તેના ઉપર એ રીતે આપણું ધ્યાન એકાગ્ર થાય છે.

આપણી અંદર વસતી ઈશ્વરીય ચેતનાના દિવ્ય પ્રકાશમાં કેન્દ્રિત થઇએ ત્યારે એ આપણા મન, હૃદય અને ચિત્તને વધારે પ્રકાશિત કરે છે. શરીર, બાહ્ય વાતાવરણ અને સંજોગોને પણ એ પ્રકાશ પ્રભાવિત કરવા લાગે છે.

એ પ્રકાશમાં આપણી ગેરસમજણો, શંકાઓ અને ડર પણ ઓગળવા લાગે છે. આપણામાં નવી સમજણ પ્રગટે છે. બુદ્ધિ વધારે તેજસ્વી બને છે. ચિત્ત વધારે નિર્મળ થાય છે. મન શાંતિનો અનુભવ કરે છે. હૃદય વધારે સબળ બનવા લાગે છે. આપણે શું કરવું, કેવી રીતે કરવું એ વિષે નવું માર્ગદર્શન મળે છે તે પ્રમાણે કરવાનું બળ પણ પ્રગટવા લાગે છે.

પ્રાર્થના દ્વારા ઈશ્વરીય ચેતના સાથે અનુસંધાન કરી, તેનામાં એકાગ્ર થઇએ એટલે વિચારવમળોના ગૂંચવાડામાંથી આપણને મુક્તિ મળે છે ને આપણી આત્મશક્તિ અને મનોબળ વધારે સુદૃઢ બને છે.



ભાદરવી પૂનમના મેળા પ્રસંગે

# સ્વર્ગારોહણના આંગણે સેવાઓ

શ્રી રાજુભાઇ જાની

દર વર્ષે ભાદરવી પૂનમના મા અંબાના પ્રાગટ્ય પર્વ નિમિત્તે હજારો યાત્રીઓ પગપાળા અંબાજી આવે છે. આ માનવ મહેરામણ એટલો બધો વિશાળ હોય છે કે તેને નિયંત્રિત કરવા સરકાર તેમજ માતાજીના ટ્રસ્ટ તરફથી ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે. એસ.ટી. પણ સારી સેવા બજાવે છે. આ પર્વ નિમિત્તે આવતા પદયાત્રીઓની સમસ્યાઓમાં થાક, પગના છાલા તથા ભાદરવાની ગરમીમાં ઠંડા પાણીની જરૂરત મહત્ત્વની છે એથી આ પર્વ નિમિત્તે પ.પૂ.મા સર્વેશ્વરીના આદેશ પ્રમાણે અહીં પદયાત્રીઓ માટે ઠંડી મીઠી છાશની વ્યવસ્થા તેમજ દાક્તરની સેવાનો પ્રબંધ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી છેલ્લા સાતેક વર્ષથી કરવામાં આવે છે. તે પ્રમાણે આ વર્ષે પણ આ સેવાઓ ટ્રસ્ટ તરફથી પ્રયોજાશે. તે માટેનો આર્થિક સહયોગ શ્રી ગુલાબબહેન અને ઇલાબહેન ભક્ત તરફથી પ્રાપ્ત થયો છે.

દર વર્ષે હજારો માણસો આ સેવાઓનો લાભ લે છે. આવી કોઇ સેવા પદયાત્રીઓ માટે અહીં બીજે ઉપલબ્ધ નથી. તેથી યાત્રીઓ માટે તે આશીર્વાદ રૂપ ઠરી છે.

## પ્રતિભાવ

અધ્યાત્મના એક આજીવન ગ્રાહકનો પ્રતિભાવઃ—

“આપનું અધ્યાત્મ માસિક નિયમિત મળે છે. જે વાંચી

આખા મહિનાનું આધ્યાત્મિક ભાથું તૈયાર કરું છું. મારા મનમાં ઉઠતા તમામ આધ્યાત્મિક પ્રશ્નોનું જાણે સચોટ નિરાકરણ મળી રહે છે. આથી આપના અધ્યાત્મ માસિકની ખૂબ આતુરતાપૂર્વક રાહ જોઉં છું.''

**શિરીષ એસ. પંચાલ**

SAB(L. M 39)

## દીલગીર છીએ

અધ્યાત્મ માસિકના જુલાઈ અને ઓગષ્ટ ૧૧ના અંકોમાં શરૂમાં જે દૈનિક પ્રાર્થનાઓ છાપવામાં આવેલ છે તે ''મા શ્રી સર્વેશ્વરી''ની રચનાઓ નથી. પૂ.માએ એ પ્રત્યે અમારું ધ્યાન દોરતાં તે ક્ષતિ અંગે અમે દીલગીરી દર્શાવીએ છીએ. પૂ.માએ તે કોઈ ગ્રંથમાં વાંચેલ અને ઠીક લાગતાં સાધક બહેનોને ઝેરોક્ષ કરાવી વાંચવા આપેલ. તેથી અમોને ગેરસમજ ઊભી થઈ.

ધ્યાન દોરવા બદલ પૂ.માનો આભાર માનીએ છીએ.**—તંત્રી**

પ્રકૃતિ જ્યારે મુસીબતો વધારે છે ત્યારે બુદ્ધિનો પણ વિકાસ કરે છે.

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭



# પૂ.શ્રીના જન્મદિનની ઉજવણી

**રાજુ જાની**

પ.પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના ૯૦મો જન્મદિન તા. ૧૫મી ઓગસ્ટ સ્વર્ગારોહણ તીર્થ ખાતે સરસ રીતે ઉજવાયો.

મહાત્મા શ્રી યોગેશ્વરજીની તા. ૧૮ માર્ચ ૧૯૮૪ના રોજ ભૌતિક વિદાય પછી પ.પૂ.માશ્રી સર્વેશ્વરીએ તે દિનથી જ અન્નત્યાગ કરી દીધેલ. તે કઠોર વ્રતના તા.૪–૮–૨૦૧૧ના રોજ ૧૦૦૦૦(દસ હજાર) દિવસ પૂરા થયા. તેથી તા. ૪–ઓગસ્ટથી તા. ૧૫–૮–૨૦૧૧ના ૧૧ દિવસ દરમ્યાન ભારત અને વિદેશના અનુક્રમે ૫૮૪ અને ૧૬૮ મળી કુલ ૭૧૬ સાધકોએ રોજ પૂ.માની ૧૧ બાવનીઓ કરી કુલ ૮૪૦૦૦ બાવનીઓનો અર્ધ્ય પૂ.ગુરુદેવ અને પૂ.માના શ્રીચરણે ધરી, પોતાનો ભક્તિભાવ પ્રગટ કર્યો.

પ.પૂ.માશ્રી સર્વેશ્વરી પૂ.ગુરુદેવની કૃપાથી જ પોતાના અન્નત્યાગની વ્રતને સફળ રીતે વળગી રહી શક્યાં છે. એમાં સાધકો પૂ.માનું દૃઢ સંકલ્પ બળને પૂ.ગુરુદેવની કૃપાનાં પ્રભુકૃપા સિવાય સંભવિત નથી. તા. ૧૪ ઓગસ્ટે આવી ગયેલા ભક્તોએ તે દિવસને સાધના દિન મનાવી દરેકે ઓછામાં ઓછી ૧૧ બાવનીઓ કરી, તા.૧૫ ઓગસ્ટના પ્રભાતે ૧૧ હજાર બાવનીઓનો સાધનાત્મક અર્ધ્ય ગુરુદેવ પ્રભુના ચરણે ધર્યો.

તા. ૧૫ ઓગસ્ટ એ ભારતની આઝાદીના દિને સ્વર્ગારોહણ ખાતે ધ્વજવંદવન તેમજ રાષ્ટ્રીય ગીતો પણ ગવાયાં. તે દિવસે સવારથી જ વરસાદ હોવા છતાં, તેની પરવા

કર્યા સિવાય સહુ સાધકોએ મુક્ત મને નાચીકૂદી આ રાષ્ટ્રીય પર્વ સરસ રીતે ઉજવ્યું.

પૂ.શ્રીગુરુદેવના જન્મદિન નિમિત્તે શરણારેલી પાલખીમાં તેઓના સ્વરૂપને યોગતીર્થમાંથી લાવી પધરાવવામાં આવ્યું. જાણે ભગવાન કૃષ્ણના જન્મદિન સમો માહોલ બની રહ્યો. ઉપસ્થિતિ સહુ સાધકોએ પ્રભુનું શણગારેલું પારણુ ઝૂલાવી, પોતાનો ભક્તિભાવ પ્રગટ કર્યો શ્રી લાભુબહેન અને શ્રી શાન્તિભાઇ કનેરિયા એ સાધકો વતી પૂ.શ્રીના સ્વરૂપનું ચંદન—અક્ષતથી પૂજન કરી ગુલાબના સુંદર હારો વડે પૂ.શ્રીનું અભિવાદન કર્યું. આ પ્રસંગે ઉપસ્થિત સાધક ભાઇબહેનોએ ગરબાની રમઝટ બોલાવી, સમગ્ર વાતાવરણને ઉત્સવના ઉમંગથી ગૂંજતું કરી દીધું.

પૂ.માની અનુપસ્થિતિમાં પણ સારી એવી સંખ્યામાં સાધકો એ ભાવથી આવે છે કે આજના વિષમ સમયમાં પૂ.ગુરુદેવ પ્રભુ અને પૂ.મા જ ''સતત રક્ષા કરો છો આપ, અનુભવતા અમે દિનરાત.'' એ ઉક્તિને પોતાના વ્યક્તિગત જીવનમાં પ્રત્યક્ષ થતી અનુભવ રહ્યા છે.

દર વર્ષની જેમ મટકીફોડ કાર્યક્રમ પણ પ્રયોજાયો. મટકીઓમાં નાના બાળકો, યુવાન બહેનો અને યુવક સાધકો માટેના વિભાગો રખાયા હતા. સહુને મનોરંજન પુરું પાડતો આ કાર્યક્રમ બહુ સફળ રહ્યો. વરસતા વરસાદમાં પણ ખૂબ ઉત્સાહ ને સાહસ બતાવી, મટકીઓ ફોડી એ માહોના ચોકલેટો ને સૂકોમેવાના પ્રસાદને સ્પર્ધકોએ આરોગ્યો. તે પછી પૂ.શ્રીની દિવ્યવાણીની કેસેટ પણ સાંભળી, જાણે અદશ્ય રહી આપણને જીવનના સાચા ધ્યેય વિષે ઉદ્‌બોધી ના રહ્યા હોય, એવું લાગ્યું.



સાધકોમાં આરોગ્યની જાગૃતિ આવે તે માટે એક વિડિયો કેસેટ બતાવી. જેનું શીર્ષક છે ''શ્રી અરુણ ઋષિની એક દવા નિરાણી પંદર સેકેન્ડની તાળી'' તે વડે સૌને એ પ્રતીતિ કરાવી કે આપણા શરીરમાંજ આપણું આરોગ્ય જળવાય તે માટેની અદ્‌ભુત રચના પ્રભુએ કરેલી જ છે, પરંતુ આપણને એની જાણ નથી. ભારતીય સંસ્કૃતિના આ રહસ્યને આ કેસેટ દ્વારા સાધકોને ઘણું જાણવા મળ્યું.

પૂ.શ્રીના પ્રાક્ટ્ય દિને સાધકોને શ્રી શાન્તિભાઇ કનેરિયા પરિવાર તરફથી મિષ્ટાન ભોજનાનો પ્રસાદ પ્રાપ્ત થયો. દોઢસો કરતાં પણ વધુ સાધક ભાઇબહેનો વરસાદની હેલીના અવરોધ છતાં—આ પ્રસંગની ઉજવણીમાં જોડાયા—તે જ પૂશ્રી પ્રત્યેનો તેમનો અહોભાવ દર્શાવે છે. વરસતા વરસાદની વિપરિત પરિસ્થિતિમાં આવવાથી પૂ.શ્રીના સ્વરૂપનું દર્શન, એમની વાણીનું શ્રવણ, સાધકોનું પરસ્પર મળવાનો આનંદ ને કંઇક નવી સમજનું ભાથું—આ શું ઓછું છે! જીવનના બે દિવસો સાચે જ સરસ આનંદમાં પસાર થઇ ગયા. સુખદ સ્મૃતિ આપીને!

શક્તિને મેળવવાના બે પ્રકાર છે : સજા કરવી અને પ્રેમ કરવો. પ્રેમમાં રહેલી શક્તિ એ સજા કરવા કરતા વધુ અસરકાર અને લાંબા સમય સુધી ટકી રહેનારી શક્તિ છે. આથી, એવી શિક્ષણ પદ્ધતિનું સર્જન કરવું જોઇએ. જેના દ્વારા સમગ્ર વિશ્વમાં પ્રેમનું સિંચન કરી શકાય અને વિશ્વશાંતિની સ્થાપના કરી શકાય.

**—મહાત્મા ગાંધીજી**

# પ્રશ્નોત્તરી

યોગેશ્વરજી

પ્રશ્નઃ—ઈશ્વરની સ્તુતિ કરવાથી ઈશ્વર પોતાના નિયમોને છોડીને પણ પાપમુક્તિ આપે છે ?

જવાબઃ—ઈશ્વરને માટે પોતાના નિયમો છોડવાનો કોઇ પ્રશ્ન જ પેદા થતો નથી. એ જે કાંઇ કરે છે તે પોતાના નિશ્ચિત નિયમોને અનુસરીને જ કરે છે, પાપી અથવા અપરાધી પુરુષ ઈશ્વરનું સ્મરણ કરે, અને પોતાનાં પાપકર્મ, દોષ અથવા અપરાધને માટે સાચા દિલથી પશ્ચાતાપ કરીને એનું પુનરાવર્તન ન કરવાનો સંકલ્પ કરે તો ઈશ્વરની કૃપાથી પાપમુક્ત બની જાય છે. ઈશ્વરની દુનિયાનો એ પણ એક પ્રસ્થાપિત પરંપરાગત નિયમ જ છે. ગીતામાં સ્પષ્ટ શબ્દોમાં નિશ્ચાયાત્મક રીતે કહેવામાં આવેલ છે કે કોઇ દુરાચારી પણ જો મને અનન્યભાવે ભજે છે તો તે સત્પુરુષ જ કહેવાય છે. એ થોડા જ વખતમાં ધર્માત્મા બને છે. સનાતન શાંતિને મેળવી લે છે. હે અર્જુન ! મારો ભક્ત કદી વિનાશ પામતો નથી. મારું શ્રદ્ધાભક્તિપૂર્વકનું શરણ લઇને પાપયોનિમાં જન્મેલા જીવો, સ્ત્રીઓ, વૈશ્યો તથા શુદ્રો પણ સર્વોત્તમ પદને પામી લે છે. તો પછી સત્કર્મપરાયણ, શીલવાન, સદાચારી બ્રાહ્મણો, ભક્તો અને રાજર્ષિઓનું કહેવું જ શું ? આ પરિવર્તનશીલ, અનિત્ય, સંપૂર્ણ સુખશાંતિથી રહિત મૃત્યુલોકને મેળવીને મને જ ભજ. જે ઈશ્વરનું શરણ લે છે તે સ્વાભાવિક રીતે જ એમની મદદ મેળવે છે.

પ્રશ્નઃ— ઈશ્વરની સ્તુતિ કેવી રીતે કરવી જોઇએ ?

ઉત્તરઃ— ઈશ્વરની સ્તુતિ તદ્દન સહજ રીતે થવી જોઇએ અને



બને તેટલા વધારે ને વધારે ભાવપૂર્વક કરાવી જોઇએ. એ પોતાની સ્વાભાવિક ભાષામાં કોઇપણ પ્રકારની કૃત્રિમતા કે દાંભિક્તા સિવાય થવી જોઇએ.

પ્રશ્નઃ— મોક્ષ અથવા મુક્તિ એટલે શું ? તેને પ્રાત્પ કરવાનાં સાધનો ક્યાં ક્યાં છે ?

ઉત્તરઃ— મોક્ષ અથવા મુક્તિ એટલે અવિદ્યામાંથી છૂટીને સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો અથવા પરમાત્માનો અપરોક્ષ અનુભવ કરવો તે. અવિદ્યાને લીધે, એના જ પરિણામે અહંતા, મમતા, આસક્તિ, વાસના, લાલસા, કામના રાગદ્વેષાદિનો જન્મ થાય છે. એમાંથી છૂટવામાં આવતાં આત્મદર્શન દૂર નથી રહેતું. પરમાત્માનો સાક્ષાત્કાર સહજ બને છે.

મુક્તિની પ્રાપ્તિ માટે આત્મનિરીક્ષણ, આત્મશુદ્ધિ ભગવન્નામસ્મરણ, પ્રાર્થના, આત્મજ્ઞાન, સંતકૃપા તથા ઈશ્વરના અસાધારણ, અલૌકિક અમોઘ અનુગ્રહના સાધનો મુખ્ય છે. એ સાધનાની સહાયતાથી મુક્તિના ધારેલા લક્ષ્યાંકની સિદ્ધિ સહેલાઇથી થઇ શકે છે.

પ્રશ્નઃ— ઈશ્વરની સ્તુતિ કરવાનું કાર્ય અનિવાર્ય છે ?

ઉત્તરઃ— અનિવાર્ય છે એવું તો કેવી રીતે કહી શકાય ? ભક્તિમાર્ગમાં ઈશ્વરની સ્તુતિ કરવાનું સહજ આવશ્યક કલ્યાણકારક મનાય છે. ભક્ત સ્વાભાવિક રીતે સ્તુતિ કરે છે. જ્યાં સુધી ઈશ્વરની સ્તુતિ કરવાનું આવશ્યક લાગે છે ત્યાં સુધી સ્તુતિ કરવામાં કશી હરકત નથી. પછી એવી આવશ્યકતાની પ્રતીતિ ના થતાં, સ્તુતિ પ્રવૃત્તિ અનાયાસે આપોઆપ છૂટી જશે. સાધક, સ્તુતિ પોતાના સાધનાત્મક લાભને માટે કરે છે, ઈશ્વરના સ્વાર્થ—લાભ માટે નથી કરતો.

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

**કુબ્જાની કાયાપલટ**

નંદ પોતાના સાથી, સુહદો અને સંબંધીઓ સાથે પહેલીથી જ મથુરામાં પહોંચી ગયા અને અક્રૂર કૃષ્ણ તથા બળરામ સાથે પાછળથી પ્રવેશ્યા.

મથુરાની પુણ્યભૂમિમાં પ્રવેશીને કૃષ્ણ બળરામ સાથે રથમાંથી ઊતરી પડ્યા.

એમણે અક્રૂરને એકલા જ આગળ જવા, કંસને પોતાના શુભાગમનના સમાચાર પહોંચાડવા અને એણે યોજેલા ધનુષયજ્ઞમાં પોતાની પ્રતીક્ષા કરવા જણાવ્યું.

એ અનુસાર આક્રૂર કૃષ્ણને પ્રેમપૂર્વક પ્રણિપાત કરીને ચાલી નીકળ્યા.

મથુરાની પુણ્ય ભૂમિનો પ્રવેશ કૃષ્ણને માટે નવો ન હતો. એ ભૂમિથી એ સુપરિચિત હતા. એ એમની માતૃભૂમિ હતી. એ ભૂમિમાં જ કંસના વિશાળ એકાંત કારાવાસમાં એમણે જન્મ લીધેલો. એને અને એ પછીના બીજા અનુભવોને એ ભૂલી શકે તેમ ન હતા.

એ પુણ્ય ભૂમિમાં પ્રવેશતાંવેંત જ એમને પોતાનાં દુઃખી માતાપિતાની ઉત્કટ સ્મૃતિ થઇ આવી.

એમને મળવા માટે એમનું અંતર આતુર બન્યું, પરંતુ એ આતુરતાને કામચલાઉ સમય માટે શાંત પાડીને એ પોતાના મથુરાપ્રવેશના પ્રયોજનનું સ્મરણ કરીને આગળ વધ્યા.



મથુરાના સુંદર રાજમાર્ગ પરથી પસાર થતી વખતે એમને એક વિચિત્ર દેખાતી કુબ્જા સ્ત્રી મળી.

એની મુખાકૃતિ અતિશય સુંદર હતી પરંતુ એનું શરીર કુરૂપ હતું. એ ત્રણ ઠેકાણેથી વક્રા હતી.

હાથમાં ચંદનપાત્ર લઈને મંદ પગલે આગળ વધતી કુબ્જાને નિહાળીને કૃષ્ણે પૂછ્યું :

'સુંદરી! કોણ છે અને આ ચંદન કોને માટે લઇ જાય છે? આ આકર્ષક અંગરાગ અમને આપી દે.'

કુબ્જા એ મધઝરતા મીઠા શબ્દોને સાંભળીને ઊભી રહી.

કૃષ્ણનું મુખમંડળ અને સમસ્ત સ્વરૂપ એને એકદમ આકર્ષક લાગ્યું.

એ આકર્ષણને એ ટાળી ના શકી.

મોહિત થયેલા મનથી, મંદ સ્વરે એ બોલી :

'હું કંસની દાસી છું. કંસનો મારા પર પ્રેમ છે.'

'તારું નામ?'

'મારું નામ ત્રિવક્રા કે કુબ્જા છે.'

'અને કામ?'

'મારું કામ કંસને ત્યાં ચંદન અને અંગરાગ લગાવવાનું છે. મારા તૈયાર કરેલા અંગરાગ કંસને ખૂબ ખૂબ પ્રિય છે. એ અંગરાગ તમને કેવી રીતે આપી શકું? તમારા અસાધારણ સૌંદર્યને નિહાળીને મારું મન લોભાઇ ગયું છે તોપણ...'

'તને કંસનો ભય લાગે છે?'

'ભય તો લાગે જને ? એ પરમપરાક્રમી, આ પ્રદેશનો રાજા, ખૂબ જ ક્રોધી અને વાતવાતમાં ઉશ્કેરાઇ જાય તેવો છે,

અને એનો દંડ પણ જાણીતો છે. એણે પોતાનાં બેનબનેવી દેવકી—વસુદેવને જ નથી છોડ્યાં તો પછી બીજાની તો વાત જ શી કરવી ?'

'સુદરી! તું એ ક્રૂર કંસનો નકામો ભય રાખી રહી છે.'

'મારો ભય નકામો નથી, યથાર્થ છે.'

'તને એ યથાર્થ લાગતો હોય તોપણ એ અનુચિત ભયનો ત્યાગ કરી દે.'

'એવો ત્યાગ મારા જીવના જોખમે જ કરી શકું.'

કૃષ્ણે સુમધુર સ્વરે કહ્યું :

'કંસ પોતે જ હવે વધારે નથી જીવવાનો એટલે ભય રાખવાની કશી આવશ્યક્તા નથી.'

'કેમ? એનું મરણ થવાનું છે? '

'હા. એનો કાળ તદ્દન પાસે આવી પહોંચ્યો છે.'

'કેવી રીતે?'

'હું પોતે એનો કાળ થઈને પ્રકટ થયો છું. હું એનો નાશ કરવા જ જઈ રહ્યો છું. પ્રજા એનાથી ત્રાસી ગઈ છે. પ્રજા પર એણે અનેક આકરા અત્યાચાર કર્યા છે. કુદરત અથવા એનાં પોતાનાં જ કુકર્મોની પરંપરા એને સામટો દંડ દેવા તૈયાર થઈ છે.'

'તમે કોઈ વિનોદ કરી રહ્યા છો કે શું?'

'વિનોદ નથી કરતો પણ વાસ્તવિકતાનું દિગ્દર્શન કરાવી રહ્યો છું.'

'મને તો એમાં વાસ્તવિકતા જેવું કશું જ નથી લાગતું. ઊલટું અત્યુક્તિ જેવું લાગે છે.'



'એ અત્યુક્તિ છે કે યથાર્થોક્તિ તે તો આગળ પર, કંસના મૃત્યુના સમાચાર સાંભળશે ત્યારે, સમજાશે.'

કુબ્જા થોડીવાર વિચારમાં પડી ને બોલી :

'આવા ભાવો અને વિચારો કેવળ મને જ થાય છે એવું નથી, બીજા કોઈને પણ થઈ શકે છે. ક્યાં તમે ને ક્યાં કંસ? તમારી અવસ્થા તથા સુકુમાર કાયા જોતાં તમે કંસના અસાધારણ સામર્થ્ય આગળ સહેજ પણ ટકી શકો એવું મને તો નથી લાગતું. '

'મારી અવસ્થા નાની ને કાયા સુકુમાર હોવા છતાં શકિત અસાધારણ છે. એ શકિત જોવી છે? '

'મારે તમારી સાથે લડવું નથી.'

'હું લડવાની વાત નથી કરતો. તારા જેવી સુંદર સુકુમારી સ્રીની સાથે લડવામાં કોઈ બહાદુરી નથી લાગતી. હું તો એ લોકોત્તર શકિતનું દર્શન બીજી રીતે કરાવવા માગું છું.'

'બીજી રીતે એટલે ?'

(ક્રમશઃ)


**✻ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✻**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.